જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર મેળવવા માટે સંપર્ક કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકારો તેમજ પ્રેસ પ્રતિનિધિઓ નિમવાના છે.

સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂલક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર

મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧, ૭૫૭૫૦ ૦૬૮૫૦

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । ગુરુવાર । તા. ૧૪-૦૨-૨૦૧૯ । વર્ષ : ૧૫ । અંક : ૨૪ । પાના : ૦૪ । છૂટક નકલ : ૩ રૂા. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂા.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

કેન્દ્ર સરકારે રાફેલ ડીલ અંગે રાજ્યસભામાં કેગનો રિપોર્ટ રજૂ કર્યો

યૂપીએ કરતાં એનડીએ સરકારની રાફેલ ડીલ ૨.૮૬ ટકા સસ્તીઃ કેગ રિપોર્ટ

૧૨૬ના બદલે ૩૬ રાફેલ વિમાનની ડીલ કરી મોદી સરકારે ૧૭ ટકા પૈસા બચાવ્યા,જો કે રિપોર્ટમાં કિંમતને લઈ કોઈ ખુલાસો કરવામાં આવ્યો નથી



ન્યુ દિલ્હી

ફ્રાંસ સાથે થયેલી રાફેલ ડીલ અંગે CAG (કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટ જનરલ)નો રિપોર્ટ બુધવારે રાજ્યસભામાં રજૂ થયો હતો. વિપક્ષના અસંખ્ય આક્ષેપ બાદ સરકાર માટે કેગનો રિપોર્ટ રાહતના સમાચાર લઈને આવ્યો છે. કેગના રિપોર્ટના જણાવ્યા પ્રમાણે રાફેલ ડીલ ગત UPA સરકારના પ્રસ્તાવની સરખામણીમાં ૨.૮૬ ટકા સસ્તી થઈ છે. આ અગાઉ યુપીએના સમયમાં ૧૨૬ રાફેલ વિમાનો ખરીદવાનું નક્કી થયું હતું પણ અનેક શરતો પર સમાધાન ન થતા ડીલ શક્ય ન બની.

રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, ૧૨૬ વિમાનની જૂની ડીલ સાથે સરખામણી કરીએ તો ૩૬ રાફેલ વિમાનનો નવો સોદો કરીને ભારતને ૧૭.૦૮ ટકા પૈસા બચાવવામાં સફળતા મળી છે. તે ઉપરાંત જૂની ડીલની સરખામણીએ નવી ડીલમાં ૧૮ વિમાનની ડિલીવરીનો સમય પણ વહેલો થયો છે. પહેલાં ૧૮ વિમાન ભારતને પાંચ મહિના પહેલાં મળી જવાના છે.

જોકે રિપોર્ટમાં વિમાનની કિંમતનો ખુલાસો કરવામાં આવ્યો નથી. કેગ રિપોર્ટથી મોદી સરકારનો દાવો ખોટો પડ્યો છે. મોદી સરકારે કહ્યું હતું કે, તેમણે રાફેલ વિમાન ૯ ટકા સસ્તા ભાવે ખરીદ્યા છે.

રાફેલ સહિત ભારતીય વાયુ સેનાના કુલ ૧૧ ખરીદ સૌદાની સમીક્ષા કરનારા CAGના રિપોર્ટમાં કહેવાયું છે કે UPA સરકારની તુલનામાં NDA સરકારની ડીલ સસ્તી છે. તો બીજી તરફ વાયુ સેનાની ખરીદ પ્રક્રિયા પર પણ અનેક સવાલો ઉઠાવવામાં આવ્યાં છે.

CAG રિપોર્ટમાં વર્ષ ૨૦૧૨-૧૭ દરમિયાન ભારતીય વાયુ સેનાના ૧૧ ખરીદ સૌદાની સમીક્ષા કરવામાં આવી. CAGએ કહ્યું કે વાયુ સેનાના વિમાન અને તેના પાર્ટ્સની યોગ્ય કિંમત તેમજ યોગ્ય સમયમાં ખરીદી માટે તે જરૂરી હોય છે કે તેમની ગુણાત્મક જરૂરિયાત વાસ્તવમાં યૂઝરની જરૂરને પૂરી કરે છે, તેમજ વધુમાં વધુ પ્રતીસ્પર્ધી ડીલ થાય અને ટેકનીક તેમજ કિંમતોનું મુલ્યાંકન વસ્તુનિષ્ઠ તરીકે કરવામાં આવે.

CAGએ કહ્યું કે વાયુસેનાએ ASQRs (એર સ્ટાફ ક્વોલિટેટિવ રિક્વાયરમેન્ટ્સ) યોગ્ય રીતે ન કરવામાં આવ્યું જેનું પરિણામ એ આવ્યું કે કોઈ પણ વેન્ડર પૂરી રીતે ખરીદ સૌદાની સમીક્ષા કરવામાં આવી. CAGએ કહ્યું કે વાયુ સેનાના વિમાન અને તેના પાર્ટ્સની યોગ્ય કિંમત તેમજ યોગ્ય સમયમાં ખરીદી માટે તે જરૂરી હોય છે કે તેમની ગુણાત્મક જરૂરિયાત વાસ્તવમાં યૂઝરની જરૂરને પૂરી કરે છે, તેમજ વધુમાં વધુ પ્રતીસ્પર્ધી ડીલ થાય અને ટેકનીક તેમજ કિંમતોનું મુલ્યાંકન વસ્તુનિષ્ઠ તરીકે કરવામાં આવે.

CAGએ કહ્યું કે વાયુસેનાએ ASQRs (એર સ્ટાફ ક્વોલિટેટિવ રિક્વાયરમેન્ટ્સ) યોગ્ય રીતે ન કરવામાં આવ્યું જેનું પરિણામ એ આવ્યું કે કોઈ પણ વેન્ડર પૂરી રીતે તેમના માપદંડ પર યોગ્ય ઉતરી જ ન શક્યા. એટલું જ નહીં ખરીદ પ્રક્રિયા દરમિયાન ASQRsમાં વારંવાર બદલાવ કરવામાં આવ્યો જેના કારણે ટેકનીક અને કિંમતના મૂલ્યાંકનમાં કઠણાઈ આવી અને પ્રતિસ્પર્ધી ટેન્ડરની ઈમાનદારી પ્રભાવિત થઈ. તેના કારણે ખરીદ પ્રક્રિયામાં મોડનું થયું.

રાફેલ ડીલ અંગે રિપોર્ટમાં કહેવાયું કે ૨૦૧૬ના કોન્ટ્રાક્ટમાં કોઈ પણ પ્રકારની ગેરંટી કે વોરંટી આપવામાં નથી આવી. જ્યારે કે ૨૦૦૭ની ડીલમાં દસૌ એવિએશને પ્રદર્શનની તેમજ નાણકીય ગેરંટી આપી હતી. આ ગેરંટી કુલ કોન્ટ્રાક્ટની કિંમતના ૧૫ ટકા હતી.

કુંભમાં ફરી ભીષણ આગઃ બિહારના રાજ્યપાલ લાલજી ટંડનનો આબાદ બચાવ



પ્રયાગરાજ

ઉત્તરપ્રદેશના પ્રયાગરાજમાં ચાલી રહેલા કુંભ મેળામાં ફરી એક વખત ભીષણ આગ લાગતાં અફરાતફરી મચી ગઈ હતી. બિહારના રાજ્યપાલ લાલજી ટંડનનો આ આગમાં આબાદ બચાવ થયો છે. આગ ટંડનના કેમ્પમાં મોડી રાતે લગભગ અઢી વાગ્યે લાગી હતી, જે સેક્ટર-૨૦ના અરેલ વિસ્તારમાં બનેલા ત્રિવેણી ટેન્ટ સિટીમાં આવેલો છે.ફાટરબ્રિગેડના જવાનોએ લોકોની મદદથી લાલજી ટંડનને સલામત રીતે ટેન્ટની બહાર કાઢ્યા હતા. ગાઢ નિદ્રામાં સૂઈ રહેલા ટંડનનો મોબાઈલ ફોન, ચશ્માં અને ઘડિયાળ સહિતનો સામાન આગમાં સળગીને ખાખ થઈ ગયો છે. શોર્ટ સર્કિટથી આગ લાગી હોવાનું પ્રાથમિક તારણ ફાટરબ્રિગેડે આપ્યું છે.

પ્રિયંકાએ લખનઉમાં સળંગ સોળ કલાક સુધી કાર્યકરો સાથે બેઠક કરી

વડાપ્રધાન મોદીને મારો ભાઈ (રાહુલ ગાંધી) સીધી ટક્કર આપશેઃ પ્રિયંકા ગાંધી

વાડ્રાની પૂછપરછ પર પ્રિયંકાએ કહ્યું- એ બધુ તો ચાલતુ રહેશે, હું મારુ કામ કરુ છું,હું ચૂંટણી લડવાની નથી

લખનઉ

કોંગ્રેસના રાષ્ટ્રીય મહાસચિવ અને પૂર્વ ઉત્તર પ્રદેશનો હવાલો મળ્યા બાદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ ચૂંટણી મેદાનમાં પોતાની પૂરી તાકાત લગાવી દીધી છે. ઉત્તર પ્રદેશના પાર્ટી કાર્યાલય નહેરુ ભવનમાં તેમણે કાર્યકરો સાથે ૧૬ કલાકની લાંબી બેઠક કરી હતી. આ બેઠક આખી રાત ચાલી હતી. મંગળવારે શરૂ થયેલી બેઠક બુધવારે વહેલી સવારે ૫.૩૦ વાગ્યે પૂરી થઈ. બેઠક પછી પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, તેમનો પીએમ મોદી સાથે કોઈ જ મુકાબલો નથી પરંતુ રાહુલ ગાંધી પીએમ મોદીને સીધી ટક્કર આપશે. આથી હું ચૂંટણી લડવાની નથી.

પ્રિયંકા ગાંધીએ મંગળવારે રાત્રે અલગ અલગ લોકસભા વિસ્તારમાંથી આવેલા પાર્ટીના કાર્યકરો સાથે મુલાકાત કરી હતી. બેઠક બાદ જ્યારે પ્રિયંકાને પૂછવામાં આવ્યું કે શું તેમની ટક્કર પીએમ મોદી સાથે હશે? તેના જવાબમાં તેમણે કહ્યું કે, મારી સાથે નહીં પરંતુ રાહુલજી સાથે તેમનો મુકાબલો હશે. રાહુલ લડી રહ્યા છે.

પાર્ટી કાર્યકરો સાથે બેઠકને લઈને તેમણે કહ્યું કે, અહીં મોટા પરિવર્તનની જરૂર છે. પ્રિયંકાએ કહ્યું, "હું સંગઠન અંગે શીખી રહી છું. હું લોકોને સાંભળી રહી છું. ચૂંટણી કેવી રીતે જીતી શકાય તેના પર વાત થઈ રહી છે. આ દરમિયાન પોતાના પતિ રોબર્ટ વાડ્રાની થઈ રહેલી પૂછપરછ અંગે પ્રિયંકાએ મૌન તોડ્યું હતું. "આવું બધું ચાલતું રહેશે. હું મારું કામ કરતી રહીશ. મને કોઈ ફરક નથી પડતો," એમ પ્રિયંકાએ જણાવ્યું હતું.

કોંગ્રેસની સંસદીય પાર્ટીની સામાન્ય સભામાં સોનિયા ગાંધી બોલ્યા

જૂઠાણા, ડંફાસો અને ધમકી એજ મોદી સરકારની ફિલોસોફીઃ સોનિયા ગાંધી

કોંગ્રેસ તમામ રાજકીય વિરોધનો સામનો કરીને જોશ સાથે ઉભરી આવશે,ભારતની લોકશાહી તેમજ ધર્મનિરપેક્ષતા પર મોદી શાસનમાં હુમલાઓ થયા

ન્યુ દિલ્હી

કોંગ્રેસના નેતા સોનિયા ગાંધીએ વર્તમાન મોદી સરકાર પણ સણસણતો પ્રહાર કરતા જણાવ્યું કે, મોદી સરકારની ફિલોસોફી જૂઠાણા, ડંફાસો અને ધમકીઓની છે. સોનિયા ગાંધીએ વધુમાં જણાવ્યું કે તેમનો પક્ષ કોંગ્રેસ રાજકીય વિરોધીઓનો મક્કમપણે સામનો કરીને જોશ સાથે ઉભરી આવશે. કોંગ્રેસની સંસદીય પાર્ટીની સામાન્ય સભામાં સંબોધતા સોનિયા ગાંધીએ અધ્યક્ષ રાહુલ ગાંધીના વખાણ કરતા જણાવ્યું કે રાહુલે પક્ષમાં નવી ઉર્જાનો સંચાર કર્યો છે અને અનુભવ તેમજ યુવાશક્તિના મિશ્રણ સાથેની નવી ટીમને સાથે લઈને ચાલી રહ્યા છે. અમે આગામી લોકસભા ચૂંટણીમાં નવીનીકૃત વિશ્વાસ અને સમાધાનો સાથે ઉતરીશું. રાજસ્થાન, મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં પક્ષની જીતથી નવી આશાનો ઉદય થયો છે,' તેમ સોનિયા ગાંધીએ બેઠકમાં જણાવ્યું હતું. બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી, પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ, કોંગ્રેસના લોકસભાના નેતા મલ્લિકાર્જુન ખડગે, વિપક્ષના નેતા ગુલામ નબી આઝાદ સહિતના અન્ય નેતાઓ હાજર હતા. આપણા વિરોધીઓ અગાઉ અજેય હોવાનો અંદાજ મૂકાતો હતો. કોંગ્રેસે તેમનો મજબૂતીથી સામનો કર્યો અને અધ્યક્ષે તેમની સામે ઝીક ઝીલી જેમાં લાખો કાર્યકરોમાં તેમનું બધું જ સમર્પિત કર્યું છે.

MARKET 4U™

સર્વિસ પ્રોવાઇડર નીમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ મૂડી રોકાણ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા સર્વિસ પ્રોવાઈડર તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નીમવાના છે. ઈચ્છા ધરાવતા વ્યક્તિઓ સંપર્ક કરે. (નફાનું ધોરણ રોકાણ અને વેચાણ મુજબ ૧૦% થી ૧૮% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

7575006847
7575006848
7575006850

Whats-App Time 10 am to 5 pm

MARKET 4U™

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની

વાપરનારની સુરક્ષા માટે અને વાહન ક્યાં છે તે જાણવા

GPS સિક્યુરિટી ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૫૧૦૦/- (+જીએસટી ૧૮%)માં

સાથે મેળવો ત્રણ વર્ષ ઓનલાઇન જાહેરાતની સુવિધા

અન્યને સમજાવો તો વધારાની આવક પણ ખરી જ.

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

આપના બંધ પડેલ જીપીએસ પણ સ્કીમ અંતર્ગત ચાલુ કરવાનો પ્રયત્ન કરો. ચૂકવો માત્ર ૫૦૦/- એક વર્ષ માટે

ધનંજય ઝવેરી તમામ શહેરોમાં એજન્સી આપવાની છે.

Mo. 7575006847

CONNECTINDIANS MARKET4U

ખુશખબર... ખુશખબર... ખુશખબર...

CONNECTINDIANS એટલે કે ભારતીયોને જોડવા

પ્રવર્તમાન સમયમાં ભારત જેવા વિશાળ દેશમાં નાગરિકોની ઓછી આવક અને અસહ્ય મોંઘવારી, બેરોજગારી, વિભાજીત કુટુંબ પ્રથાને કારણે સામાન્ય મધ્યમ વર્ગને જીવન જીવવામાં અપાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે ત્યારે CONNECT INDIANSના માધ્યમથી Market4U દ્વારા નાગરિકોની લગ્ન, નોકરી અને પોતાના ધંધા રોજગાર માટે જાહેરાતની સમસ્યામાં મદદરૂપ થવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.

તો આવો સૌ ભારતીયો એકબીજા સાથે જોડાઈ લગ્ન, નોકરી અને જાહેરાત જેવી મૂળભૂત પાયાની જરૂરીયાત પૂરી કરવા CONNECT INDIANSના માધ્યમ સાથે જોડાઈએ અને અન્યને આ વિશે સમજણ આપી સાથે જોડી સામાજિક અને આર્થિક સમસ્યાનો ઉકેલ મેળવી પરસ્પર સહયોગ આપી સમૃદ્ધ ભારતની રચના કરીએ.

CONNECT INDIANSમાં જોડાવું સરળ છે.

અહીં આપને લગ્નની નોંધણી, નોકરી મેળવવા ઉમેદવારીની નોંધણી, પોતાના ધંધાની જાહેરાત કરવી. આ ત્રણે વિષયે વાર્ષિક ફી માત્ર રૂ. ૨૨૦૦/- જ છે અને તે પણ હપ્તેથી. શરૂઆતમાં માત્ર રૂ. ૫૫૦/- જોડાવા માટે ભરવાના ત્યારબાદ અન્યોને જોડી મળેલા કમિશનથી બાકીના રૂપિયા કામ મુજબ થયેલ આવકમાંથી ચુકવાઇ જશે, જે માટે સાથે દર્શાવેલ કોષ્ટક પરથી આપ સમજી શકશો.

તો આવો સૌ સાથે મળી આવતીકાલનું ઉજ્જવળ નિર્માણ કરીએ.

MARKET4U દ્વારા પ્રસ્તુત CONNECTINDIANS ની લગ્ન, નોકરી અને જાહેરાતની વેબસાઈટ વાપરો

અને મહેનત મુજબ પાર્ટ ટાઇમ- ફુલ ટાઇમ કામ કરી અન્યોને CONNECTINDIANS સાથે જોડી કમાવાની અમૂલ્ય તક આપો

Http://www.connectindians.in આ MARKET4U ની વેબસાઈટ છે જ્યાં

૧. આપ નોકરી શોધી શકો છો.
૨. લગ્ન ઈચ્છુક નોંધણી કરાવી શકો છો.
૩. આપ આપની જાહેરાત કરી શકો છો.
૪. અન્યને આપની સાથે જોડી આપની એક્સ્ટ્રા ઇનકમ મેળવી આપના કમાયેલા પૈસામાંથી

(PLAN - A)
બાકીના ૧૬૫૦/- (ઓટો મોડથી કપાવી) આપનો કોડ એક વર્ષ સુધી રીન્યુ કરી શકશો.
જેના માટે આપે શરૂઆતમાં ૫૫૦/- ભરવાના રહેશે.

(PLAN - B)
બીજા ત્રણ વર્ષ માટે ૧૦૦૦/- (ઓટો મોડથી કપાવી) આપનો કોડ બીજા ત્રણ વર્ષ માટે રીન્યુ કરી શકશો.
સાથે એક વર્ષ માટે મોટર વ્હીકલ સિસ્ટમ (GPS) ફ્રી મેળવો
જેના માટે આપે શરૂઆતમાં ૩૦૦૦/- ભરવાના રહેશે.
આપનો કોડ રીન્યુ કરાવી હજારો કમાવાની તક ઝડપી લો.

માત્ર ૫૫૦/-માં

PLAN - A

LEVEL	INCOME
1st	80/-
2nd	60/-
3rd	50/-
4th	40/-
5th	30/-



માત્ર ૩૦૦૦/-માં

PLAN - B

LEVEL	INCOME
1st	600/-
2nd	400/-
3rd	300/-
4th	200/-
5th	100/-
6th	50/-

સમગ્ર ગુજરાતમાં ખુબ જ ઓછા મૂડી રોકાણે વહેલા તે પહેલાનાં ધોરણે માત્ર ૧૦૦ જ એજન્ટ નીમવાના હોય

તાત્કાલિક સંપર્ક કરો	ધનંજય ઝવેરી	શરદ જાદવ	રવિ પટેલ	અશોક મોદી
	7575006847-48	7575006849	7574888860	7016046096

13, Pritam Nagar Society No.1, Kasak, Bharuch. Mo. +91 75750 06850

connectindians1@gmail.com



વેસુ કેનાલ રોડ પાસે આવેલા મેગ્નસ મોલમાં ફાયર સેફટીના અભાવને કારણે સુરત ફાયર બ્રિગેડ દ્વારા ૧૩૫ જેટલી દુકાનોને સીલ મારી દેવાતા રાબેતા મુજબ ગ્રાહકોથી ધમધમતા મોલમાં આજે સવારથી જ સન્નાટો છવાઈ ગયો હતો.

ફાયર સેફટીના અભાવે વેસુ રોડના મેગ્નેસ મોલની ૧૩૫ દુકાનો સીલ

ત્રીજા અને ચોથા માળે જીએસટીની ઓફિસ સિવાય આખો મોલ સીલ કરાયો

સુરત

વેસુ કેનાલ રોડ પર વીઆઈપી રોડ નજીક આવેલ મેગ્નસ મોલમાં ફાયર સેફટીના અભાવે ફાયર વિભાગ દ્વારા આજે એક સાથે ૧૩૫ જેટલી દુકાનો સીલ કરવામાં આવી છે. ત્રીજા અને ચોથા માળે આવેલી જીએસટીની ઓફિસ સિવાય બેઝમેન્ટ ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલા બીજા માળ પર આવેલ ૧૩૫ જેટલી દુકાનોને એક સાથે સીલ કરવામાં આવતા ચકચાર મચી જવા પામી હતી. ફાયર સેફટીના સાધનો જ્યાં સુધી અમલમાં ન આવે ત્યાં સુધી સીલ ખોલવામાં આવશે નહીં. આ મોલના ત્રીજા અને ચોથા માળે જીએસટીની ઓફિસ આવી હોવાથી આ ઓફિસ છોડીને અન્ય તમામ દુકાનોને ફાયર વિભાગ દ્વારા સીલ કરવામાં આવી છે. ફાયર વિભાગની કડક કાર્યવાહી જોતા અન્ય એપાર્ટમેન્ટના સંચાલકો અને દુકાનદારોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

સુરત મહાનગર પાલિકાના ચીફ ફાયર ઓફિસર બી.કે. પરીખના જણાવ્યા અનુસાર આજે વહેલી સવારથી જ વેસુ કેનાલ પર રોડ પર આવેલ હાઈરાઈઝ મેગ્નેસ મોલમાં ફાયર સેફટીના અભાવે ૧૩૫ દુકાનો સીલ કરવામાં આવી છે. આ મોલમાં ફાયર સેફટીનો અભાવ હોવાની નોટિસ આપવામાં આવી હતી. છતાં પણ બિલ્ડર કે સંચાલક દ્વારા કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી ન હતી. આજે બેઝમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર પ્રથમ અને બીજા માળ ઉપર કાર્યવાહી હાથ ધરવામાં આવી.

સુરત જિલ્લા રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠકમાં માર્ગ સલામતી અંગે પરામર્શ

બારડોલીમાં રન ફોર સેફ લાઈફની થીમ પર હાફ મેરેથોન દોડ યોજાશે

સુરત

રાજયભરમાં અકસ્માતોનું પ્રમાણ ઘટે તથા લોકોની અમુલ્ય જિંદગીની સલામતી જળવાય તેવા આશયથી સરકાર દ્વારા જિલ્લા-મહાનગરોમાં રોડ સેફ્ટી કાઉન્સીલની રચના કરવામાં આવી છે. જે અન્વયે નિવાસી અધિક કલેકટરશ્રી સંજય વસાવાની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન ખાતે શહેર રોડ સેફ્ટી કાઉન્સીલની બેઠક યોજાઈ હતી.

સૂરત શહેરમાં ટ્રાફિક, વાહનવ્યવહાર અને માર્ગ અકસ્માતોની સમસ્યાને નિવારી શકાય, લોકો ટ્રાફિકના નીતિ-નિયમોનું પાલન કરે, રોડ પર દબાણ કરનારા સામે દંડનીય કાર્યવાહી થાય તે માટે યોજાયેલી આ બેઠકમાં લોકો દ્વારા ટ્રાફિક નિયમોનું પાલન થાય અને જનજાગૃતિ કેળવાય તે મુદ્દે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

નિવાસી અધિક કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, નેશનલ હાઈવે પર બેફામ ગતિથી ટ્રક સહિતના ભારે વાહનો ચલાવનાર વાહનચાલકોને દંડ અને વાહન ડિટેઈન કરવામાં આવે તેવી કડક કાર્યવાહી કરવા સૂચન કર્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, જિલ્લામાં ગત નવેમ્બર માસમાં ૩૪, ડિસેમ્બરમાં ૪૧ અને જાન્યુઆરીમાં ૫૭ જીવલેણ અકસ્માતો થયા હતા. માર્ગ સલામતી અને અકસ્માતો નિવારવાના ધ્યેય સાથે આગામી તા.૧૭મી ફેબ્રુઆરીએ સુરત ગ્રામ્ય પોલિસ દ્વારા ગ્રામ્ય જિલ્લા ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટના નેજા હેઠળ બારડોલીમાં 'રન ફોર સેફ લાઈફ'ની થીમ પર હાફ મેરેથોન દોડ યોજાશે. આ હાફ મેરેથોન દોડ દ્વારા ટ્રાફિક નિયમ જાગૃત્તિ અને રોડ અકસ્માતો અટકાવવા અંગે લોકોને જાગૃત્ત કરાશે. આ મેરેથોનમાં વધુને વધુ નાગરિકો જોડાઈને ટ્રાફિક નિયમો અને માર્ગ સલામતી પ્રત્યે જાગૃત્ત બને તેવા પ્રયાસો કરવા ઉપસ્થિત અધિકારીઓને અનુરોધ કર્યો હતો. સુરત આર.ટી.ઓ. શ્રી પાર્થ જોશીએ જણાવ્યું હતું કે, ટ્રાફિક પોલીસ દ્વારા લોકોમાં ટ્રાફિક નિયમોનું પાલન, કાયદાકીય જોગવાઈઓ સંબંધિત જાણકારી આપવાના કાર્યક્રમો યોજવામાં આવે છે. સ્કૂલ કોલેજો દ્વારા પણ વિદ્યાર્થીઓમાં ટ્રાફિકના નિયમો અને જાણકારી આપવામાં આવે તે માટે શાળાઓને ટ્રાફિક પોલીસ દ્વારા પ્રેરિત કરવામાં આવે છે. તેમણે અડચણરૂપ થાય તેવી જગ્યાએ પાર્કિંગ કરનારા સામે સખત દંડનાત્મક કાર્યવાહી કરવા સબંધિત અધિકારીઓને કેટલાક રચનાત્મક સૂચનો કર્યા હતા. આ બેઠકમાં સુરત મહાનગરપાલિકા, પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, નવી સિવિલ હોસ્પિટલ, ગ્રાહક સુરક્ષા, માર્ગ અને મકાન વિભાગ, નેશનલ હાઈવે ઓથોરિટી સહિત વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

તા.૧૫મીથી ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષાઓ યોજાશે

વલસાડ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન અને જીવવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષા તા.૧૫/૨/૧૯થી તા.૨૬/૨/૧૯ દરમિયાન યોજાશે. જેમાં વલસાડ જિલ્લાના કુલ ૫ કેન્દ્રો, ૧૭ પરીક્ષા બિલ્ડિંગો ખાતે ભૌતિક વિજ્ઞાનના ૬૧૨૦, રસાયણ વિજ્ઞાનના ૬૧૨૦ અને જીવવિજ્ઞાનના ૧૬૪૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે. પ્રાયોગિક પરીક્ષા દરમિયાન પરીક્ષા કેન્દ્રો ઉપર બાહ્ય મૂલ્યાંકનકાર અને સરકારી પ્રતિનિધિની તથા જિલ્લા શિક્ષાધિકારીના પ્રતિનિધિ તરીકે વર્ગ-૨ના અધિકારીઓની નિમણૂક કરવાની સાથે વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટેની તમામ વ્યવસ્થા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી વલસાડ દ્વારા સુનિશ્ચિત કરવામાં આવી છે. વલસાડ જિલ્લા શિક્ષણાધિકારી કે.એફ.વસાવાએ તમામ વિદ્યાર્થીઓને પ્રાયોગિક પરીક્ષામાં સફળ થવા માટેને શુભકામનાઓ પાઠવી છે.

ખોરાક અને ઔષધ નિયમનતંત્ર દ્વારા બે વેપારીઓ સામે એફ.એસ.એ. એકટ હેઠળ અને ત્રણ વેપારીઓ સામે ભેળસેળના કેસ કરાયા

વલસાડ

વલસાડ જિલ્લા ઔષધ નિયમમતંત્રના ફુડ સેફટી ઓફિસર કુ.વી.ડી.પટેલ, કે.જે.પટેલ તેમજ સી.એન.પરમાર દ્વારા જાન્યુઆરી-૧૯ માસ દરમિયાન બે વેપારીઓ સામે એફ.એસ.એ. એક્ટ હેઠળ તેમજ ત્રણ વેપારીઓ સામે ભેળસેળના કેસ કરાયા હતા.

જગદીશ અટારામ રબારી, અંબિકા ડેરી, મોગરાવાડી પાસેથી ભેંસનું દૂધનો નમૂનો સબ સ્ટાન્ડર્ડ જ્યારે રીયાઝ બદરુદ્દીન પંજવાણી, મે. મસ્ત લોપ્રાઈઝ, મચ્છી બજાર, ઉમરગામ પાસેથી લીધેલા એવન બ્રાન્ડ નેચરલ ગોળ પેકનો નમૂનો મીસબ્રાન્ડ ફૂડ જણાતાં તેઓ સામે એફ.એસ.એ. એકટ-૨૦૦૬ હેઠળ કેસો કરાયા હતા. જ્યારે વિનોદભાઈ તેજાભાઈ દેસાઈ, સીટી પોલીસ સ્ટેશન, તિથલ રોડ પાસેથી લીધેલા ઘે લૂઝના ચાર નમૂના તેમજ મીઠો માવોના એક નમૂનો સબસ્ટાન્ડર્ડ જ્યારે ઘી-લૂઝને એક નમૂનો અનસેફ ફૂટ, સંદીપ કેદારસિહ મેવાડ, મે. સુગર એન્ડ સ્પાઈસ લી., સાપુતારા તેમજ દીપજ્યોતિ દીલીપકુમાર સીલ, હોટલ શિલ્પી ઈન્ટરનેશનલ પ્રા.લી., સાપુતારા પાસે લીધેલા દહીં-લૂઝ અને મીલ્ક-લૂઝના નમૂનાઓ સબસ્ટાન્ડર્ડ જણાતાં આ વેપારીઓ સામે ભેળસેળના કેસો કરાયા હતા.

તંત્ર દ્વારા ગત માસ દરમિયાન લેવાયેલા ૨૫ નમૂનાઓ અને અગાઉના બાકી ૩૩ નમૂનાઓ પૈકી ૩૫ નમૂનાઓની લેબોરેટરીમાં ચકાસણી કરાતાં ૨૫ નમૂનાઓ પાસ અને ૧૦ નમૂનાઓ નાપાસ જાહેર થયા હોવાનું ખોરાક અને ઔષધ નિયમનતંત્રના ડેઝીગ્નેટેડ ઓફિસર દ્વારા જણાવાયું છે.

ઝેડઆરયુસીસી બેઠકમાં દક્ષિણ ગુજરાતના રેલવેના પ્રશ્નોની રજૂઆત

સુરત

ઝેડઆરયુસીસીના સભ્ય છોટુભાઈ પાટીલ, અનુરાગભાઈ કોઠારી અને સંતોષભાઈ શાહ આજે મુંબઈ ખાતે યોજાયેલી ૩૩મી ઝોનલ રેલ્વે યુઝર્સ કન્સલટેટીવ કમિટીની મુંબઈ ખાતે મળેલી બેઠકમાં હાજરી આપી હતી. બેઠક પહેલા આ ત્રણે સભ્યો છે, સાંસદ શ્રી. સી.આર.પાટીલ સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ તેમના માર્ગદર્શન મુજબ દક્ષિણ ગુજરાતના સુરત, ઉધના, નવસારી સહિતના તમામ રેલ્વે સ્ટોશનો પર પ્રવાસીઓને પડતી અગવડો, નવી ટ્રેન, ટ્રેનના સ્ટોપેજ અને હાલની ટ્રેનોમાં કોચની સંખ્યા વધારવા માટે વેસ્ટર્ન રેલ્વેનાં જનરલ મેનેજર શ્રી એ.કે. ગુપ્તાજીને રજુઆતો કરી છે, જેનો રેલ્વે વિભાગ દ્વારા હકારાત્મક પ્રતિસાદ આપવામાં આવ્યો છે, તેમજ કેટલીક રજુઆતો સંદર્ભે રેલ્વેએ કામપૂર્ણ કરવાનો સમયગાળો પણ ઝેડઆરયુસીસીના સભ્યોને અત્યારથી જ આપી દીધો હતો.

ઝેડઆરયુસીસીના સભ્યો દ્વારા કરવામાં આવેલી મહત્વની રજુઆતોમાં સુરતથી દક્ષિણ ગુજરાતના સ્ટેશનો પર કામદારોને લઈ જતી અને વાપીથી સુરત લાવતી સુરતથી ફલાંઈગ રાણી અને વાપીથી સયાજી નગરી ટ્રેન બાદ આ સ્ટેશનનો સાંકળતી કોઈ ટ્રેન નથી, ત્યારે ઝેડઆરયુસીસી સભ્યોએ છોટુભાઈ પાટીલની આગેવાનીમાં આ વિસ્તારના કામદારો અને પ્રવાસીને રાહત મળે તે માટે બન્ને તરફથી વધુ નવી એક-એક ટ્રેન દોડાવવાની માંગણી કરી છે. ઉપરાંત ઉધના યાર્ડમાં રહેતા લોકો માટે રેલ્વે સ્ટેશન પર આવવા માટે તેમજ સ્ટેશન ક્રોસ કરીને ઉધના ઉદ્યોગનગર તરફ જવા માટે વર્ષોથી રેલ્વે ફુટ ઓવર બ્રિજ ખુબ જ ઉપયોગી થતો હતો, પરંતુ જૂના જર્જરીત થયેલા બ્રિજ ટુંકો બનાવવામાં આવ્યો છે, આ બ્રિજને જો ઉધનાયાર્ડ સુધી લંબાવવા માટે રજુઆત કરવામાં આવી હતી,

પ્રથમ ૫ ઈન્ડિયન એકસપ્રેસ એક્સલન્સ ઈન ગવર્નન્સ એવોર્ડ માટે વલસાડ જિલ્લા કલેક્ટર સી.આર.ખરસાણની પસંદગી

વલસાડ

પ્રથમ ૫ ઈન્ડિયન એકસપ્રેસ એક્સલન્સ ઈન ગવર્નન્સ એવોર્ડ માટે 'ઈન્ક્લુઝીવ ઈનોવેશન' કેટેગરીમાં 'ઈ-મેઘ-અર્લી વોર્નિંગ સીસ્ટમ' પ્રોજેકટ માટે વલસાડ જિલ્લા કલેક્ટર સી.આર.ખરસાણની પસંદગી થઈ છે. આ એવોર્ડ છેલ્લા બે વર્ષમાં કરવામાં આવેલા અનુકરણીય કાર્ય બદલ દેશભરમાં જિલ્લા મેજિસ્ટ્રેટનું સન્માન કરે છે. આ એવોર્ડ માટે ૨૫૦થી વધુ અરજીઓ આવી હતી. જેમાં ભૂતપૂર્વ ન્યાયમૂર્તિ આર.એમ.લોઢાના અધ્યક્ષપદે નિર્ણાયક જયુરી દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો. 'ઈન્ક્લુઝીવ ઈનોવેશન' કેટેગરીમાં 'ઈ-મેઘ-અર્લી વોર્નિંગ સીસ્ટમ' જેવા ઈનોવેટીવ પ્રોજેક્ટ થકી જિલ્લા માટે કરેલા અર્થપૂર્ણ યોગદાન બદલ પસંદગી થઈ છે.

તા.૨૫મીએ વલસાડ જિલ્લા આયોજન મંડળની બેઠક મળશે

વલસાડ

વલસાડ જિલ્લા આયોજન મંડળની બેઠક વલસાડ જિલ્લા પ્રભારી તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ વિભાગના રાજયકક્ષાના મંત્રી કિશોરભાઈ કાનાણીના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સભાખંડ ખાતે તા.૨૫/૨/૧૯ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે મળશે. આ બેઠકમાં વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમની ૧૫ ટકા વિવેકાધીન જોગવાઈ તેમજ ૫ ટકા પ્રોત્સાહક જોગવાઈ તથા ખાસપ્લાન (બક્ષીપંચ)નું ૨૦૧૯-૨૦નું આયોજન મંજૂર કરવા, તેમજ વિકેન્દ્રિત જિલ્લા આયોજન અને ૧૬મી લોકસભા અંતર્ગત જાન્યુઆરી-૧૯ અંતિત થયેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવનાર છે. આ બેઠકમાં સંબંધિત અમલીકરણ અધિકારીઓને સમયસર હાજર રહેવા જિલ્લા આયોજન અધિકારી દ્વારા જણાવાયું છે.



દીક્ષા દાનેશ્વર તરીકે પ્રસિદ્ધ બનેલા સુરતમાં કેલાસનગર જૈન સંઘમાં આચાર્ય ગુણરત્નસૂરિજી, આચાર્ય રવિરત્ન સૂરિજી વગેરે મહંતો, મુનિઓની ઉપસ્થિતિમાં સામૂહિક ૮ મુમુક્ષુઓના દીક્ષા ગ્રહણ સમારંભ પૂર્વે દીક્ષાર્થીઓના ભવ્યાતિભવ્ય વર્ષીદાન વરઘોડા નીકળ્યા હતા.

૮ યુવતીઓની વર્ષીદાન યાત્રા એક સાથે નીકળી, આજે દીક્ષા લેશે

સુરત

સુરતના નાનપુરા ખાતે બુધવારે એકસાથે આઠ યુવતીઓના વર્ષીદાન યાત્રા કાઢવામા આવી હતી. આ આઠેય યુવતીઓ આજે એટલે કે વેલેન્ટાઈન ડેના દિવસે એકસાથે દીક્ષા ગ્રહણ કરી સંયમના માર્ગ પર નીકળી પડશે.

સુરતમા જાણે દિક્ષા લેવાની સીઝન ચાલી રહી હોય તેવુ લાગી રહ્યુ છે. વેલેન્ટાઈનના દિવસે એકસાથે આઠ યુવતીઓ એકસાથે દિક્ષા ગ્રહણ કરશે. ત્યારે સુરતના નાનપુરા ખાતે બુધવારે ભવ્ય વર્ષીદાન સમારોહનુ આયોજન હાથ ધરવામા આવ્યુ હતુ. આ આઠેય યુવતીઓના વર્ષીદાન શોભાયાત્રા કાઢવામા આવી હતી. જેમા ઘોડાગાડી, બળદગાડુ તથા ઢોલ નગારા સાથે ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. હક્કારો લોકો આ વર્ષીદાન યાત્રામા જોડાયા હતા.

લોકો ઢોલના તાલે ઝુમી ઉઠયા હતા. વર્ષીદાનની આ શોભાયાત્રા સમગ્ર નાનપુરા વિસ્તારમા ફરી જૈનસંઘ ખાતે આવી પહોંચશે અને બાદમા આજે સવારે આ તમામ યુવતીઓ ગુનરત્નેશ્વર સુરિશ્વરજી મહારાજના સાનિધ્યમા દિક્ષા ગ્રહણ કરી સંયમના માર્ગ પર નીકળી જશે. ઉલ્લેખનીય છે કે આ આઠ પૈકી પાચ યુવતીઓ કરોડ પતિ પરિવારથી બિલોંગ કરે છે તેમજ એક યુવતી નેશનલ જીમ્નાસ્ટિક પ્લેયર રહી ચુકી છે.

રાહુલ ગાંધી ધરમપુરથી લોકસભા ચૂંટણી પ્રચારના શ્રી ગણેશ કરશે

કાલે ધરમપુર ખાતેથી રાહુલ ગાંધી ચૂંટણી પ્રચારનું રણશીંગુ ફૂંકશે : પ્રદેશ કોંગ્રેસનામોવડીઓ દ્વારા કાર્યક્રમને આખરી ઓપ અપાયો

સુરત

લોકસભા ચૂંટણીનું ભલે હજુ વિધિવત રણશિંગુ ન ફુંકાયું હોય પરંતુ ગુજરાત રાજ્યમાં તમામ પક્ષોમાં ચૂંટણીલક્ષી સળવળાટ શરૂ થઈ ગયો છે. કોંગ્રેસે ધરમપુરથી પ્રચારના શ્રીગણેશ કરવાની તૈયારીને આખરી ઓપ આપી રહી છે. લોકસભા ચૂંટણી-૨૦૧૯ માટે ભલે વિધિવત તારીખો જાહેર ન થઈ હોય પરંતુ ગુજરાત રાજ્યના તમામ નાના મોટા પક્ષો પ્રચાર યુદ્ધ પહેલા પોતાની ધાર અને આધાર તૈયાર કરી રહ્યા છે. ત્યારે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધી કાલે ૧૪ તારીખે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ ગુજરાતમાં વલસાડ જિલ્લાના ધરમપુરમાં યોજાનારી કોંગ્રેસની જનાક્રોશ સભાને સંબોધી ગુજરાતમાં ચૂંટણી પ્રચારનું રણશિંગું ફૂંકશે.

લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાતમાં રાહુલ ગાંધીની આ પ્રથમ સભાને સફળ બનાવવા માટે આખું પ્રદેશ કોંગ્રેસ લાગી ગયું છે. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા ખુદ તૈયારીઓ પર નજર રાખી રહ્યા છે અને આયોજન કરી રહ્યા છે. એવું પણ કહેવાય છે કે આઠ લાખ જેટલી જનમેદની એકઠી કરવા માટે હાઈકમાન્ડ તરફથી આદેશ આપવામા આવયો છે.

રાહુલની સભાને સફળ બનાવવા માટે કોંગ્રેસે કાર્યકર્તાઓનો કાફલો ખડકી દીધો છે. રાહુલ ગાંધીની સભાને કોંગ્રેસ દ્વારા ઐતિહાસિક બનાવવા માટે એડી ચોટીનું જોર લગાવવામાં આવી રહ્યુ છે. તો બીજી તરફ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ પણ આ વિસ્તારમાં કોંગ્રેસ કરતાં એક દિવસ અગાઉ ભાજપ માટે સભા સંબોધવાના છે, જોકે અમિત ચાવડાનું કહેવું છે કે, ફડનવીસની સભાથી કોંગ્રેસને કઈ ફર્ક નહી પડે. ૧૪મી તારીખે રાહુલ ગાંધી આવી રહ્યા હોવાથી દક્ષિણ ગુજરાતના આદિવાસી પટ્ટા પર કોંગ્રેસ તરફી વાતાવરણ ઊભું થશે તેવો ડર ભાજપને સતાવી રહ્યો હોઈ શકે એટલે જ ભાજપ દ્વારા પણ રાહુલ ગાંધીની અસરને ઓછી કરવા માટેના પ્રયાસ થઈ રહ્યા છે.

ધરમપુર ખાતે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીની જનઆક્રોશ રેલી સંદર્ભે સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વ્યાપક સ્તરે હાથ ધરવામાં આવી છે અને વિશેષ કરીને સુરત શહેર જિલ્લા કોંગ્રેસ દ્વારા પ્રત્યેક વોર્ડમાં કોંગ્રેસના કાર્યકરો તથા આગેવાનો સાથે બેઠક યોજી ધરમપુરમાં આયોજિત કોંગ્રેસની જન આક્રોશ રેલીને સફળ બનાવવા ઘણા દિવસોથી વ્યાપક તૈયારીઓ હાથ ધરવામાં આવી રહી છે.

વધુ દહેજ નહીં લાવતા બદલી કરવા ધમકી

સુરત

માંગરોળ તાલુકાના તરસાડી ગામે રહેતા દહેજ લાલચુ સાસરિયાએ માગ્યા મુજબનું દહેજ નહીં મળતા પરિણીતા પર અત્યાર સુધી ગુજારી સમાજમાં બદલાવ કરવાની ધમકી આપી હતી.

જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સુરત જિલ્લાના માંગરોળ તાલુકામાં આવેલા તરસાડી ગામે ભાઈલાલભાઈની વાડીમાં રહેતા યતીનભાઈ છબીલદાસ મોદીની પુત્રી રચીબેનના નજીકમાં જ રહેતા યોગેશભાઈ ચંદ્રકાંતભાઈ મહેતાના પુત્ર ભાવિનભાઈ સાથે થયા હતા. લગ્ન બાદ મહેતા પરિવારે પોતાનું પોત પ્રકાશ્યું હતું. અને પરિણીતા સચીબેન પાસે અવર નવર દહેજની માગણી કરી હતી. માગ્યા મુજબનું દહેજ નહીં મળતા પતિ ભાવિન, સાસુ જયશ્રીબેન અને સસરા યોગેશભાઈએ પરિણીતા રચીબેન પર શારીરિક માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું તેમજ સમાજમાં બદનામ કરવાની અને ઘરમાંથી કાઢી મૂકવાની ધમકીઓ પણ આપતા હતા. આખરે દહેજ લાલચુ સાસરિયાની કંટાળી પરિણીતા રચીબેને કોસંબા પોલીસ મથકના દરવાજા ખટખટાવ્યા છે. પોલીસે રચીબેનની ફરિયાદ આધારે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી છે.

શાળા સમિતિની સામાન્ય સભામાં વિપક્ષી સભ્યોએ ટેબલો પછાડયા



વિપક્ષી સભ્યો આક્રમક બનતા સિક્યુરિટી ગાર્ડ બોલાવવાની નોબત

સુરત

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ઈતિહાસમાં આજે મળેલી સામાન્ય સભામાં શાસક પક્ષે સિક્યુરિટી ગાર્ડને બોલાવી વિપક્ષી સભ્યોને ઘેરવાનો પ્રથમ વખત બનાવ બન્યો હતો.આજની આ સામાન્ય સભામાં કોંગ્રેસી પક્ષના સભ્ય નટુભાઈ પટેલ, શફી જરીવાલા, સુરેશ સુહાગીયાએ શાસક પક્ષને ભ્રષ્ટાચારના જ મુદ્દે ઘેરી આક્રમક બન્યાં હતા તેમ છતાં શાસક પક્ષે એજન્ડા ઉપરના કામો બહુમતીના જોરે મંજૂર-મંજૂર કરાવી ગણતરીની સમયમાં બોર્ડ પૂર્ણ કરી હતી.

વિપક્ષી સભ્યોએ આજના સામાન્ય સભામાં કાળી પટ્ટી ધારણ કરી બેનરો સાથે શાસક પક્ષના ભ્રષ્ટાચાર અંગે સૂત્રોચ્ચાર કર્યા હતા. વિપક્ષી સભ્યો નટુ પટેલ, શફીભાઈ જરીવાલા, સુરેશ સુહાગિયાના જણાવ્યા મુજબ બહુમતીથી જોરે શાસકરૂપે વિપક્ષી સભ્યોની ધારદાર રજૂઆતને દબાવવાનો પ્રયાસ કર્યો હતો. વિપક્ષી સભ્યોએ શાસક પક્ષની આ ચેષ્ટા સામે ટેબલ ઊંધુવાળી દીધું હતું.

વિપક્ષી સભ્યોની રજૂઆત હતી કે ગણવેશ કૌભાંડ આચરનાર મહેક ઈન્ડસ્ટ્રીઝને રૂા. ૩૫ લાખનો દંડ ફટકારી બ્લેકલિસ્ટ કરવામાં આવે, બાળદિન નાસ્તા કૌભાંડની તપાસ કરવામાં આવે, આ તબક્કે શિક્ષણ સમિતિએ વાલીદીન વખતે નાસ્તાના પેકેટ દીઠ ખર્ચેલા રૂપિયા મુજબના નાસ્તાનું પેકેટ પણ વિપક્ષી સભ્યોએ સામાન્ય સભામાં બાંધી દેખાવો કર્યો હતો.

હજીરા એલએનજી એન્ડ પોર્ટ દ્વારા રોડ સેફ્ટી સપ્તાહની ઉજવણી

શેલ ઈન્ડિયા દ્વારા 'ડ્રાઈવ સેફ ઈન્ડિયા-ઈટ્સ કૂલ ટુ બી સેફ' કેમ્પેઈન

સુરત

૩૦મા નેશનલ રોડ સેફ્ટી વીક નિમિત્તે હઝીરા એલએનજી એન્ડ પોર્ટ દ્વારા સુરક્ષિત ડ્રાઈવિંગ તથા ઉત્તમ રોડ બિહેવિયરને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પ્રવૃતિઓ યોજાઈ હતી. 'ડ્રાઈવ સેફ ઈન્ડિયા-ઈટ્સ કૂલ ટુ બી સેફ!' કેમ્પેન અંતર્ગત હઝીરા એલએનજી અને પોર્ટ દ્વારા સ્કૂલો, ગ્રામ પંચાયતો, ટ્રાફિક પોલીસ, ટ્રક ડ્રાઈવર્સ અને નાગરિકો સાથે મળીને સુરત અને તેની આસપાસના ગામોમાં કાર્યક્રમો યોજાયા હતા

સપ્તાહના પ્રારંભે ટ્રક ડ્રાઈવર્સ, વાન ડ્રાઈવર્સ, ગ્રામ પંચાયતના સભ્યો અને રોડ યુઝર્સ માટે હઝીરા ખાતે રોડ સેફ્ટી એંગેજમેન્ટ સેશન્સ યોજાઈ હતી. તેમાં સામેલ થનારા લોકોને ટ્રાફિક નિયમો અને માર્ગો પરના સંકેતો વિશે તાલીમ અપાઈ હતી કે જેથી માર્ગ અકસ્માત અટકાવી શકાય. શૈક્ષણિક કાર્યક્રમો કે જેનું આયોજન વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ડ્રાઈવર્સ માટે પારડી કાન્હે પ્રાઈમરી સ્કૂલમાં તથા સચીન પ્રાઈમરી ગવર્નમેન્ટ સ્કૂલમાં કરાયું હતું. વિવિધ સેશન્સનું આયોજન હઝીરા પેનિન્સુલા ગવર્નમેન્ટ સ્કૂલ્સ, મોરા, ડમકા, જૂનાગામ અને ઈચ્છાપોર ખાતે થયું હતું જ્યાં રોડ સેફ્ટી ક્લબના સભ્યોએ માર્ગોને વધુ સુરક્ષિત કરવા માટે યોગદાન આપ્યું હતું.

રોડ સેફ્ટી એંગેજમેન્ટ સેશન દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર, હઝીરા આર. આર. આહિરે કહ્યું હતું, 'અમે હઝીરા એલએનજી એન્ડ પોર્ટ તથા ગ્રામ પંચાયતના સાથે માર્ગ સુરક્ષા માટેના સંયુક્ત પ્રયાસોને આવકારીએ છીએ જેમાં તેઓ સ્થાનિક રોડ યુઝર્સ, ટ્રક ડ્રાઈવર્સ, વાન ડ્રાઈવર્સ અને ટ્રક એસોસીએશન સામેલ રહ્યા હતા અને તેમને માર્ગ સુરક્ષાનું મહત્ત્વ સમજાવાયું હતું અને જણાવાયું હતું કે આપણે કઈ રીતે તેમાં યોગદાન આપી શકીએ.'

લીમડાના ઝાડ સાથે ઓઢણી વડે સગીર કન્યાનો આપઘાત

સુરત

માંડવી તાલુકાના મધરકુઈ ગામની સીમમાં આવેલા ખેતર પાસેના લીમડાના ઝાડ સાથે ફાંસો ખાઈ તરૂણીએ આપઘાત કરી લીધો હતો.જિલ્લા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર માંડવી તાલુકાના મધરકુઈ ગામે આવેલા મોટા ફળીયામાં રહેતી ૧૭ વર્ષીય અમીષાબેન અતુલભાઈ ગામીતે ગઈકાલે મંગળવારના રોજ મધરકુઈ ગામની સીમમાં આવેલ નાંદુબેન ચીમનભાઈ ગામીતના ખેતર પાસેના લીમડાના ઝાડ સાથે ઓઢમી બાંધી ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. સગીર કન્યા અમિષાએ કયા કારણોસર આપઘાત કર્યો તે અંગે રહસ્ય ઘુંટાયું છે. આપઘાતના બનાવ અંગે મધુરકુઈ ગામના મુકેશભાઈ પુનાભાઈ ગામીતે માંડવી પોલીસને જાણ કરતા પોલીસ ચોપડે અકસ્માત મોત અંગેની જાણવાજોગ નોંધ કરી કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

સ્કૂલ કે ટ્યુશન ક્લાસ પાસે યોગ્ય કારણ વગર કોઈએ ઉભુ રહેવું નહીં

સુરત

સુરત શહેરના મદદનીશ પોલીસ કમિશનર(વિશેષ શાખા)શ્રી વિનય શુકલએ જાહેરનામા દ્વારા સમગ્ર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલા સ્કુલ/કોલેજ/યુનિવર્સીટી માં અભ્યાસ કરતાં ન હોય તેવા બહારની વ્યક્તિએ પ્રવેશવા ઉપર મનાઈ ફરમાવી છે.

આ મનાઈ હુકમ સ્કુલ/કોલેજોમાં આવતા વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીને છોડવા તથા આવતા ઓટો-વાન, માલિક/ડ્રાઈવરો (જેમની પાસે ઓળખપત્ર હોય તેવા જ) તેમજ વાલીઓ તથા જરૂરી કામથી આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓને હુકમ લાગુ પડશે નહિ. આ જાહેરનામું તા.૦૪/૦૩/૨૦૧૯ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

તા.૨૭મીએ સુરત જિલ્લા પંચાયતની સમગ્ર સભા

જિલ્લા પંચાયતની સામાન્ય સભા આગામી તા.૨૭/૨/૨૦૧૯ના રોજ બપોરે ૧.૦૦ વાગે જિલ્લા પંચાયત કચેરીના સભાખંડમાં રાખવામાં આવી છે.

તા.૨૮મીએ તાપી જિલ્લાનો સ્વાગત કાર્યક્રમ યોજાશ

આગામી તા. ૨૮મી, ફેબ્રુઆરીના રોજ તાપી જિલ્લાના વડામથક વ્યારા ખાતે આવેલી કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલમાં જિલ્લા કલેકટર આર.એસ.નિનામાની અધ્યક્ષતામાં તાપી જિલ્લા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં જેઓના પ્રશ્નો અંગે સંબંધિત કચેરી અને અધિકારીનો અનેકવાર સંપર્ક કરવા છતાં અને નિયમાનુસારની તમામ કાર્યાવહી અનુસરવા છતાં નિવેડો ન આવેલ હોય તેવી સમસ્યા/પ્રશ્નો તા. ૧૫/૦૨/૨૦૧૯ સુધીમાં કલેકટર કચેરી, તાપી ખાતે મોકલી આપવા જિલ્લા કલેકટર તરફથી જણાવાયું છે.

નવસારી જિલ્લામાં સ્વચ્છતા રેલી નીકળી

પેય જળ અને સ્વચ્છતા મંત્રાલય ભારત સરકાર ધ્વારા આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિત્તે દેશના વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં સ્વચ્છ શકિત-૨૦૧૯ નું હરિયાણા ખાતે સંમેલના યોજાયું હતું. જે અંતર્ગત નવસારી ખાતેથી સ્વચ્છ શકિત-૨૦૧૯ હેઠળ સ્વચ્છ શકિત દિનની ઉજવણી કરવા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ધ્વારા જિલ્લા પંચાયત નવસારી ખાતેથી સ્વચ્છતા રેલીને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી પી.કે.હડુલા ધ્વારા લીલીઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવી હતી. રેલીમાં સ્વચ્છ ભારત સ્વસ્થ ભારતના બેનરો સાથે લુન્સીકુઇ મેદાન ખાતે રીલી પૂર્ણ કરી હતી.

આ પ્રસંગે જલાલપોર અને નવસારી તાલુકાના સ્વચ્છ ભારત મિશન(ગ્રા.) યોજનાના કર્મચારીઓ અને નડોદ, મહુવર, મરોલી, અને વાડા ગ્રામ પંચાયતની સખીમંડળની બહેનો ઉપસ્થિત રહી હતી.

સિકલસેલ એનેમિયા સંદર્ભમાં રૂમલા, ચીખલીમાં ફોલોઅપ કેમ્પ

ગુજરાત રાજયમાં આજદિન સુધી અંદાજે ૧૩ હજારથી વધુ સીકલસેલ દર્દીઓ નોંધાયા છે. નવસારી જિલ્લામાં સિકલસેલ દર્દીઓના ફોલોઅપ માટે રૂમલા, ચીખલી અને મહુવાસ અને કંડોલપાડા ખાતે સીકલસેલ ડીસીઝ ધરાવતા દર્દીઓ માટે ફોલોઅપ કેમ્પ યોજાશે.

ચીખલી તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્ર રૂમલા ખાતે તા.૧૪/૨/૧૯, તાલુકા હેલ્થ કચેરી ચીખલી ખાતે તા.૧૫/૨/૧૯ તેમજ વાંસદા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર-મહુવાસ ખાતે તા.૧૬/૨/૧૯ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર કંડોલપાડા ખાતે તા.૧૯/૨/૧૯ ના રોજ સવારે ૯-૩૦ કલાકે સિકલસેલના દર્દીઓ માટે ફોલોઅપ કેમ્પ યોજાશે. સિકલસેલના દર્દીઓએ કેમ્પનો લાભ લેવા નોડલ ઓફિસર, સિકલસેલ એનીમીયા કન્ટ્રોલ પ્રોગ્રામ ધ્વારા જણાવાયું છે.

તા.૧૮મીના રોજ ચીખલીમાં આશા સંમેલન યોજાશે

જિલ્લા પંચાયત નવસારીના આરોગ્યશાખા ધ્વારા આરોગ્ય વિભાગની સેવાઓ આપતી બહેનોને પ્રોત્સાહિત કરવા તા.૧૮/૨/૧૯ ના રોજ સવારે ૧૦-૩૦ કલાકે ચીખલી, મજીગામ, દિનકર ભવન ખાતે નવસારીના સાંસદ શ્રી સી.આર.પાટીલના અધ્યક્ષસ્થાને આશા સંમેલન યોજાશે. સમારોહ ગુજરાત વિધાનસભાના નાયબ દંડક શ્રી આર.સી.પટેલ તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ ડૉ.અમિતાબેન પટેલના હસ્તે ખુલ્લો મૂકાશે.

ડીંડોલીમાં અદાવત રાખી હુમલો કરાયો

ડીંડોલી શિવનગર સોસાયટી પાસે ઝઘડાની અદાવતમાં હુમલાનો બનાવ બન્યો હતો.

ડીંડોલી શિવનગર સોસાયટીમાં રહેતાં પ્રદીપકુમાર સરોજ ઉપર આરોપી રાજકુમારે લોખંડની પટ્ટીથી હુમલો કરી ઈજા પહોંચાડી હતી. લેપટોપ બાબતે થયેલા ઝઘડાની અદાવતમાં આ હુમલો કરાયો હતો. ડીંડોલી પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

વરલી મટકાનો જુગાર રમતા જુગારી ઝડપાયા

સલાબતપુરા નવસારી બજાર મટન માર્કેટ પાસે આંકડાનો જુગાર રમતા મો.સલીમ ઉર્ફે કાલુ અન્ના, ઈરફાન અખ્તર સૈયદ, મો.હુસૈન અબ્દુલ સત્તાર શેખની ધરપકડ કરી હતી. સલાબતપુરા પોલીસના જણાવ્યા મુજબ આંકડા જુગાર ચાલતો હતો. પોલીસે રોકડા રૂ.૩૩૯૦૦ અને બે મોબાઈલ ફોન કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

લાજપોર જેલ સંકુલમાં મોબાઈલ ફોન પ્રતિબંધિત

મદદનીશ પોલિસ કમિશનરશ્રી વિનય શુક્લએ એક જાહેરનામા દ્વારા સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલા સુરત લાજપોર મધ્યસ્થ જેલ પ્રિમાઈસીસમાં (સંકુલમાં) કોઈપણ વ્યકિત મોબાઈલ ફોન, આઈપેડનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે. જેલના પ્રતિબંધિત વિસ્તારમાં કોઈપણ મોબાઈલ ફોન કે સીમકાર્ડ સાથે પ્રવેશ કરી શકાશે નહી. અપવાદ તરીકે કોઈ પણ જાહેર સેવક કે જે પોતાની ફરજના ભાગરૂપે બંધાયેલ છે તેવી વ્યકિતને તેની ફરજ દરમિયાન આ હુકમ લાગુ પડશે નહી. આ જાહેરનામું તા.૨૬/૦૩/૨૦૧૯ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.



આજે તા. ૧૪મી ફેબ્રુઆરી એટલે વેલેન્ટાઈન ડે: પીપલોદ ખાતે આવેલી ફેશન ડિઝાઈન ઈન્સ્ટીટ્યુટની સ્ટર્સ કોલેજની વિદ્યાર્થીનીઓએ વેલેન્ટાઈન ડેની ઉજવણી કરી હોવાનું તસવીરમાં જણાય છે.

વર્ષ ૧૮-૧૯માં સુરત જિલ્લાના ૭૮૨૫ ખેડૂતોની સહાય માટેની અરજીઓ મંજૂર

ખેડૂતોને રૂા.૯૬૧ લાખની સાધન સહાય એનાયત કરાય છે

સુરત

રાજયે છેલ્લા દાયકામાં સરેરાશ ૧૦% થી વધુનો કૃષિ વિકાસ દર હાંસલ કરેલ છે. રાજય દ્વારા દેશમાં પ્રથમ વખત કૃષિ મહોત્સવ અને સોઈલ હેલ્થ કાર્ડ જેવા નવીન કાર્યક્રમો અમલીત કર્યા છે. રાજયનો ખેડૂત આધુનિક ટેકનોલોજીથી ખેતી કરતો થાય તે માટે રાજય સરકારની અનેક યોજનાઓના લાભોની સહાય સીધે સીધા તેમના ખાતામાં જમા કરવામાં આવે છે. રાજયના ખેડુતોને ખેતી માટે જરુર પડતી ખેત સામગ્રી વિષે માહિતી સમયસર મળી રહે, વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ ખેડૂતોને ઘરઆંગણે આસાનીથી મળી રહે તે માટે આઈ-ખેડૂત વેબ પોર્ટલ કાર્યાન્વિત કરવામાં આવ્યું છે. આ આઈ ખેડૂત પોર્ટલ પર ૨૦૧૮-૧૯ના વર્ષમાં સુરત જિલ્લાના ૭૮૨૫ ખેડૂતોની અરજીઓ મંજુર કરીને રૂા.૯૬૧ લાખની સહાય ચૂકવવામાં આવી હતી.

જેમાં ટ્રેકટર ખરીદવા માટે રૂા.૪૫,૦૦૦ અથવા કિંમતના ૨૫ ટકા બે માંથી જે ઓછુ હોઈ તે પ્રમાણે (૪૦ હો.પા. સુધી) મળી છે. આ ઉપરાંત રૂા. ૬૦,૦૦૦/- અથવા કિંમતના ૨૫ ટકા બે માંથી જે ઓછુ હોઈ તે પ્રમાણે (૪૦ હો.પા. થી ૬૦ હો.પા.સુધી) મળી છે. સુરત જિલ્લામાં ૨૦૧૮-૧૯માં ટ્રેકટર ખરીદીમાં ૪૭૬ ખેડૂતોને રૂા.૨૫૬ લાખની સહાય તેમજ ફાર્મા મિકલેનાઈઝેશન સહાય ઘટક હેઠળ વિવિધ ઓજારો હેઠળ ૧૦૦૭ જરૂરતમંદોને ૨૮૪ લાખની સહાય ચૂકવવામાં આવી છે.

સિંચાઈ માટે ૩૮૪ લાભાર્થીઓને રૂા.૪૮.૪૨ લાખની સહાય તેમજ અન્ય ઘટકો જેવાકે તાડપત્રી, પાક સંરક્ષણના સાધનો માટે ૧૧૧૬ ખેડૂતોને રૂા.૨૨.૩૮ લાખની સહાય ચૂકવવામાં આવી છે. આત્મા પ્રોજેક્ટ દ્વારા જિલ્લાના પ્રગતીશીલ ખેડુતોએ મેળવેલ સિધ્ધિઓ બદલ સન્માનિત કરવા માટે ૧૩ પ્રગતીશીલ ખેડુતોને ''બેસ્ટ આત્મા ફાર્મર એવોર્ડ'' અને પ્રોત્સાહક ઈનામ એનાયત કરવામાં આવ્યા છે.

ખેડૂતો ડ્રીપ ઈરીગેશનથી ખેતી કરતા થાય તે માટે ૨૦૧૮-૧૯ દરમ્યાન જી.જી.આર.સી. દ્વારા અમલીકૃત માઈક્રો ઈરીગેશન સિસ્ટમ યોજના અંતર્ગત જિલ્લામાં ૮૪૨ ખેડુતોને ૧૨૭૬ હેક્ટર વિસ્તાર માટે રૂા.૬૮૪ લાખની સહાય ચૂકવવામાં આવી છે. જિલ્લા પંચાયતના સ્વ ભંડોળ યોજના હેઠળ શેરડી પાકમાં આઈબડ, ટપક સિંચાઈ યોજના તથા જનરેટરની યોજના માટે રૂા.૧૩૦ લાખની જોગવાઈ કરવામાં આવી છે.

દક્ષિણ ગુજરાતમાં ઠંડીની વિદાય સુરતમાં ઉનાળા જેવું તાપમાન

નવસારી-વલસાડમાં લઘુત્તમ ૧૫ ડિગ્રી

સુરત

દક્ષિણ ગુજરાતમાં આજે સવારથી વાદળછાયુ વાતાવરણ સર્જાયુ હતું તેમ છતાં તાપમાનમાં ગતરોજની સરખામણીએ આજે વધારો નોંધાયો છે. રાત્રે મળસ્કે ઠંડીનો અનુભવ બાદ બપોરના સમયે ગરમીનો અનુભવ થયો હતો.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકત્તમ તાપમાન ૩૫.૪ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાન ૧૯.૬ ડિગ્રી નોંધાયું છે. ગત રોજની સરખામણીએ આજે અધિકત્તમ તાપમાનમાં ૨ ડિગ્રી અને ન્યુનત્તમ તાપમાનમાં ૩ ડિગ્રીનો વધારો નોંધાયો છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૫ ટકા અને હવાનું દબાણ ૧૦૧૮ મીલીબાર નોંધાયું છે. શહેરમાં સવારથી જ ઉત્તર પૂર્વ દિશાથી કલાકના ૨ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે. નવસારીમાં આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું છે જે ગતરોજ ૧૨.૨ ડિગ્રી નોંધાયું હતું. વલસાડમાં આજે સવારે ન્યુનત્તમ તાપમાન ૧૫.૧ ડિગ્રી નોંધાયું છે જે ગતરોજ ૧૩.૨ ડિગ્રી નોંધાયું હતું. આમ સમગ્ર દક્ષિણ ગુજરાતમાં તાપમાનમાં આજે ગતરોજની સરખામણીએ વધારો નોંધાયો છે. આગામી દિવસોમાં ગરમી વધે તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે.

એલપી સવાણી રોડ પર મહાલક્ષ્મી સ્કવેરની ત્રણ દુકાનો આગની લપેટમાં

રેસ્ટોરન્ટની ચીમની હીટ થવાથી બાજુની ત્રણ દુકાનો આગમાં સળગી

સુરત

આજે ૧સવારે એલપી સવાણી રોડ પર મહાલક્ષ્મી સ્કવેરમાં આવેલ વનિતા સ્ટીલ સેન્ટરની દુકાનોમાં આગ લાગતા માલ સામાન અગમાં સ્વાહા થયો હતો.

ફાયર વિભાગ દ્વારા મળતીમ ાહિતી મુજબ આજે સવારે સવા નવ વાગ્યાના સુમારે એલપી સવાણી સર્કલ મહાલક્ષ્મી સ્કવેરના ગ્રાઉન્ડ ફલોરમાં આવેલ દુકાન નં. જી-૧૧,૧૨ અને ૧૩માં આગ લાગી હોવાનો મેસેજ મળ્યો હતો. બનાવની જાણ થતા જ ફાયર સ્ટાફ તાત્કાલિક સ્થળ ઉપર પહોંચી આગને કાબૂમાં લેવાનો પ્રયત્ન કર્યો હતો. આગથી વનિતા સ્ટીલ સેન્ટર૨ની ત્રણે દુકાનોમાં રાખેલ માલ-સામાન, એ.સી. વાયરીંગને સંપૂર્ણ નુકસાન થયું હતું. વનિતા સ્ટીલ સેન્ટરના માલિક જગદફીશ રાજપુરોહિતના જણાવ્યા અનુસાર ટીમની દુકાનના બાજુમાં આવેલ આલુ પૂરુની દુકાનમાં ચીમનીના હીટને લીધે તેમની દુકાનમાં આગ લાગી છે. આલુપુરીની દુકાનના માલિક હરેશ રમેશ ટેલરને અગાઉ જાણ કરવામાં આવી છતાં યોગ્ય પગલા ન લેતા આજે આગની ઘટના બનતાં લાખોનું નુકસાન થયું છે.

ભ્રષ્ટાચારની ઘણી મિનાર

દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં લોકપ્રિય પ્રતિભા ટાવરને તોડી પાડવામાં આવ્યા બાદ કેટલીક વિગત સપાટી પર આવી રહી છે. આ વિગત તમામને હેરાન કરી દેનાર છે. પ્રતિભા ટાવરને ૩૫ વર્ષના લાંબા ગાળા બાદ તોડી પાડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.એમ કહેવામાં આવે છે કે આ ટાવરના નિર્માણ વેળા મોટા પાયે ગેરરિતી થઈ હતી. આને દેશના પ્રથમ ફ્લોર સ્પેસ કોંભાડ તરીકે ગણવામાં આવ્યા બાદ તેની ચર્ચા તમામ સંબંધિતોમાં રહી હતી. આ કોંભાડનો પર્દાફાશ વર્ષ ૧૯૮૪માં કરવામાં આવ્યો હતો. એ વખતે તત્કાલીન કલેક્ટર અરૂણ ભાટિયા દ્વારા ઈમારતનુ નિરીક્ષણ કરવામાં આવ્યા બાદ તે અંગે તમામ માહિતી એકત્રિત કરી હતી. તપાસમાં એવી વિગત ખુલી હતી કે બિલ્ડરની પાસે ૭૧૯૭ વર્ગ મીટર જમીન હતી. પરંતુ બિલ્ડરે ખોટુ નિવેદન કરીને આને ૯૨૮૨ વર્ગ મીટર તરીકે ગણાવીને તેના પર કામગીરી હાથ ધરી હતી. જેના પર ૨૮ના બદલે ૩૭ ફ્લોર ઉભા કરવામાં આવ્યા હતા. આના પર ૨૭૦૦૦ વર્ગ ફુટ જેટુલ વધારે નિર્માણ કરી લેવામાં આવ્યુ હતુ. હદ તો એ વખતે થઈ હતી જ્યારે કોંભાંડનો પર્દાફાશ થયાબાદ તરત જ કલેક્ટરની બદલી કરી દેવામાં આવી હતી. વર્ષ ૧૯૮૯થી લઈને ૧૯૯૫ વચ્ચેના ગાળામાં કોર્ટના આદેશ બાદ ૩૬ ફ્લોર ધરાવતી આ ઈમારતના આઠ ફ્લોર તોડી પાડવામાં આવ્યા હતા. દરેક માળ પર બે બે ફ્લેટ હતા. જેના મુળ ખરીદાર ખુબ મોટી મોટી હસ્તી હતી. ઈમારતની ૩૫ સભ્યોની હાઉસિંગ સોસાયટીને હાલમાં બાકીની માળને તોડી પાડવા માટેનો આદેશ કરવામાં આવ્યો હતો. આ કોંભાડનો મામલો સપાટી પર આવ્યા બાદ જ આદર્શ સોસાયટી કોંભાડનો પણ પર્દાફાશ કરવામાં આવ્યો હતો. ભારતમાં રિયાલ્ટી સેક્ટરમાં જોરદાર તેજી આવ્યા બાદ ભ્રષ્ટાચારની એક નવી ગંગા શરૂ થઈ હતી. જેમાં સમાજના પ્રતિષ્ઠિત વર્ગના લોકો ડુબકી લગાવી લેવા માટે તૈયાર થઈ ગયા હતા. આ ક્ષેત્રે બિલ્ડરો, અધિકારીઓ, દલાલો અને નેતાઓ વચ્ચે સાંઠગાંઠ મજબુત કરવામાં ભૂમિકા અદા કરી હતી.

જો કે આ ગઠબંધન બનાવવા માટેની આડમાં નિયમોની ધજ્જિયા ઉડાવી દેવામાં આવી હતી. આ તમામ વર્ગના લોકો રાતોરાત અમીર બની ગયા હતા. આ વાર્તા માત્ર મુંબઈ સુધી મર્યાદિત નથી બલ્કે દેશની છે. જેમ જેમ શહેરોમાં વસ્તીનો બોજ વધતો ગયો તેમ તેમ બહુમાળી ઈમારતોની જરૂરિયાતો વધવા લાગી હતી. જો કે જરૂરિયાત પૂર્ણ કરવા માટે ટાઉન પ્લાનિંગની હાલત કફોડી બની ગઈ હતી. અધિકારીઓની સાથે મળીને બિલ્ડરો પોતાની ઈચ્છાશક્તિ મુજબ નકશા તૈયાર કરાવી રહ્યા હતા. હાલના સમયમાં પણ આવી સ્થિતી પ્રવર્તી રહી છે. દિલ્હી અને એનસીઆરમાં તો અધિકારીઓએ આંખ બંધ કરીને જાહેર ઉપયોગ માટેની જમીન પર ફાળવી દીધી છે. જેના કેટલાક દાખલા બની ચુક્યા છે. જેના કારણે નાગરિકોને અનેક પ્રકારની મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. એવુ પણ જાણવા મળી રહ્યુ છે કે જે જગ્યાએ કચરાના ઢગ હતા ત્યા આજે બહુમાળી ઈમારતો જોઈ શકાય છે. નગરપાલિકા સામે પણ હવે જટિલ સ્થિતી ઉભી થઈ રહી છે. ભ્રષ્ટાચારના આ તરીકાને રોકવાની જરૂર છે.

અંતે પ્રતિભા ટાવર તોડી પાડવામાં આવ્યા બાદ કેટલીક ચોંકાવનારી વિગત ખુલી છે

ભારતમાં અભ્યાસ કરતા વિદેશી વિદ્યાર્થીઓમાં નોંધપાત્ર વધારો...

સ્ટડી ઈન ઈન્ડિયાથી ચિત્ર બદલાશે

દેશમાં શિક્ષણના સ્તરને સુધારવા માટે હજુ પણ અનેક નવી પહેલ કરવાની જરૂર

ભારતમાં શિક્ષણના સ્તરને સુધારી દેવા માટે વર્ષોથી પ્રયાસ કરવામાં આવી રહ્યા છે છતાં આજે પણ ભારતીય યુનિવર્સિટી વર્લ્ડ રેન્કિંગમાં પાછળ છે. આનુ મોટુ કારણ એ છે કે આંતરરાષ્ટ્રીયકરણની અછત છે. પરંતુ હવે ચિત્ર બદલાઇ રહ્યુ છે. છેલ્લા વર્ષના ગાળા દરમિયાન ભારતમાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉલ્લેખનીય અને ઝડપથી વધારો થયો છે. ઈન્સ્ટીટ્યુસન્સ ઓફ એમિનેન્સ તેમજ નવા પોર્ટલ સહાયક સાબિત થનાર છે. દેશની જુદી જુદી યુનિવર્સિટીમાં રહેવા માટે આદર્શ માહોલ રહે તે પણ જરૂરી છે. યુનિવર્સિટીઓના કેમ્પસમાં રહેવા માટે કોઇ વંશીય માહોલ ન રહે તે જરૂરી છે. અપરાધનુ પ્રમાણ ન રહે તે પણ જરૂરી છે. આઇઆઇટી સંસ્થાઓએ સામુહિક રીતે વિદેશી શિક્ષકોની નિમણૂંકને લઇને પણ સહમતિ દર્શાવી છે. આઇઆઇટી કાઉન્સિલ દ્વારા નક્કી કરવામાં આવ્યુ છે કે દરેક પ્રતિષ્ઠિત આઇઆઇટી સંસ્થાઓ પોતાની અને પોતાની સહયોગી સંસ્થાઓ માટે એક અથવા તો વધારે ભૌગોલિક ક્ષેત્રના શિક્ષકોની ભરતી કરી શકે છે. આ બાબત ઉપયોગી સાબિત થઇ શકે છે. વિશ્વ રેન્કિંગમાં ભારતીય યુનિવર્સિટીઓ પાછળ રહી જવા માટે કેટલા કારણો રહેલા છે. આનુ એક કારણ શોધ અનુસંધાનના સંદર્ભમાં ઘટતી જતી સંખ્યા અને ગુણવત્તા છે. અન્ય કારણ આંતરરાષ્ટ્રીયકરણ પણ છે. ખાસ કરીને વિદેશી વિદ્યાર્થીઓ અને શિક્ષકોના સંબંધમાં ઉદાસીનતા પણ જોવા મળે છે. કેન્દ્રિય યુનિવર્સિટીઓથી લઇને આઇઆઇટી, આઇઆઇએમ જેવી પ્રતિષ્ઠિત સંસ્થાઓ આમાં સામેલ છે. ભારતમાં આશરે ૯૦૩ યુનિવર્સિટીઓ અને ૫૦૦૦૦ કોલેજ તેમજ અન્ય ડિગ્રી આપતી સંસ્થાઓ છે. અહીં આશરે ૩.૬૦ લાખ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. જેમાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા ખુબ ઓછી છે. ભારતમાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા વર્ષ ૨૦૧૦-૧૧માં ૨૭૫૩૧ હતી. જે વર્ષ ૨૦૧૭-૧૮માં વધીને ૪૬૧૪૪ થઇ ગઇ છે. આ રીતે તેમાં ૬૭ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો છે. જે કેટલાક મામલે ખુબ સારા સંકેત સમાન છે. સરખામણીની દ્રષ્ટિએ જોવામાં આવે તો ર્ષ ૨૦૧૭-૧૮માં અમેરિકી યુનિવર્સિટીઓમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા બે લાખ કરતા વધારે હતી. ૧૮ હજારથી વધારે વિદ્યાર્થીઓ ચીનમાં અભ્યાસ કરી રહ્યા છે. ભલે હાલમાં ભારતીય યુનિવર્સિટીઓમાં વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યા વધી રહી છે પરંતુ હજુ પણ કુલ વિદ્યાર્થીઓની સંખ્યા ૦.૨ ટકાની આસપાસ છે. ભારત સરકારને આ બાબતની માહિતી ખુબ મોડેથી હાથ લાગી છે કે વિશ્વ રેન્કિંગમા સ્થાન મેળવી લેવા માટે ભારતીય યુનિવર્સિટીઓને વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યાની જરૂર છે. તમામ લોકો સારી રીતે જાણે છે કે વિદેશી વિદ્યાર્થીઓ સારી ગુણવત્તાવાળી સંસ્થાઓને જ પસંદ કરે છે. સરકારે વર્ષ ૨૦૧૬માં ઈન્સ્ટીટયુસન્સ ઓફ એમિનેન્સની રચના કરી હતી. આઇઓઆઇની રચના કરવામાં આવ્યા બાદ ફાયદો થઇ રહ્યો છે. આમાં ૧૦ પબ્લિક અને ૧૦ પ્રાઇવેટ સેક્ટરની યુનિવર્સિટી સામેલ કરવામાં આવી હતી. આને વિશ્વ મંચ પર સ્થાપિત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. આશા એવી ચોક્કસપણે રાખી શકાય છે કે આ યુનિવર્સિટીઓ દુનિયાની પ્રમુખ ૧૦૦ સંસ્થાઓમાં ચોક્કસપણે આવનાર સમયમાં સામેલ થઇ જશે. આ યુનિવર્સિટીઓને કેટલીક સુવિધા આપવામાં આવી છે. જેના ભાગરૂપે તેમને ૩૦ ટકા સુધી વિદેશી વિદ્યાર્થીઓની ભરતી કરવા અને વિદેશી શિક્ષકોની નિમણૂંક કરવા માટે મંજુરી આપવામાં આવી છે. તમામ જાણકાર શિક્ષણશાસ્ત્રી કહે છે કે તેમની સંસ્થાઓમાં જેટલા વધારે પ્રમાણમાં વિદેશી વિદ્યાર્થીઓ રહેશે તેમની રેન્કિંગમાં પણ આ રીતે સુધારા થનાર છે. અલબત્ત હાલમાં આ ક્ષેત્રમાં છ સંસ્થાઓ સામેલ કરવામાં આવી છે.આ સંસ્થાઓમાં આઇઆઇએસસી બેંગલોર, આઇઆઇટી બોમ્બે,આઇઆઇટી દિલ્હી અને સરકારી સંસ્થાઓ બિટ્સ પિલાની, મણિપા એકેડમી, તેમજ જિયો સંસ્થાનો સમાવેશ થાય છે. ભારત સરકારે વર્ષ ૨૦૧૮માં સ્ટડી ઈન ઈન્ડિયા નામની પોર્ટલની શરૂઆત કર્યા બાદ તેનાથી ફાયદો થઇ રહ્યો છે. જ્યાં સુધી રેન્કિંગની વાત છે તો જોવામાં આવી રહ્યુ છે કે ભારતીય યુનિવર્સિટીઓ હવે આંતરરાષ્ટ્રીયકરણને લઇને ગંભીર છે. હાલના સમયમાં કેટલીક સંસ્થાઓ આફ્રિકી દેશોના વિદ્યાર્થીઓ સહિત અનેક દેશોના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં સફળ રહી છે. આગામી દિવસોમાં આમાં વધારે સફળતા મળનાર છે. સ્ટડી ઈન ઈન્ડિયાને લઇને પણ નીતિ સ્પષ્ટ પણે તૈયાર કરવામાં આવે તે જરૂરી છે. શિક્ષણના ક્ષેત્રમાં પ્રગતિ જારી છે.



યુનિવર્સિટીમાં રહેવા માટે માહોલ આદર્શ રહે તે જરૂરી

વિદેશી વિદ્યાર્થી બે લાખ થશે

ભારતમાં શિક્ષણના સ્તરને સર્વોચ્ચ સ્તર પર લઇ જવા અને વિદેશી વિદ્યાર્થીઓ વધુને વધુ સંખ્યમાં પહોંચી શકે તે માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. માનવ સંશાધન વિકાસ પ્રધાન પ્રકાશ જાવડેકરના કહેવા મુજબ આગામી પાંચ વર્ષમાં ભારતીય યુનિવર્સિટીમાં અભ્યાસ કરનાર વિદેશી વિદ્યાર્થીઓની સંખ્યાને બે લાખ કરવા યોજના છે. આના માટે આક્રમક તૈયારી કરવામાં આવી છે. ૧૫૦૦૦ સીટો પૈકી ૫૫ ટકા સીટો એશિયા-આફ્રિકી દેશોના વિદ્યાર્થીઓ માટે મેરિટના આધાર પર તુલનાની દ્રષ્ટિએ ઓછી કિંમતમાં રિઝર્વ રાખવામાં આવનાર છે. આઇઆઇટી કાઉન્સિલ દ્વારા નક્કી કરવામાં આવ્યુ છે કે વિદેશી વિદ્યાર્થીઓની ફિ નિર્ધારણના સંબંધાં આઇઆઇટી દ્વારા જ અંતિમ નિર્ણય લઇ શકાશે. ટ્યુશન ફીને ઘટાડી દઇને આઇઆઇટી દિલ્હીએ મહત્વપૂર્ણ પહેલ કરી દીધી છે. આઇઆઇટી દિલ્હીએ અન્યો કરતા આગળ રહીને આમાં બાજી મારી દીધી છે. હાલમાં ૨૩ આઇઆઇટીમાં માત્ર ૪૦ જ વિદેશી પ્રોફેશર છે. જે કેટલીક બાબતોને સ્પષ્ટ કરે છે. હવે યુનિવર્સિટીઓને વિદેશી પ્રોફેસર રાખવા અને તેમની ભરતી કરવા માટેની સત્તા આપી દેવામાં આવી છે. કેન્દ્રિય ગૃહ અને વિદેશ મંત્રાલય દ્વારા મંજુરી આપી દેવામાં આવી છે. સરકાર પાસેથી કોઇ પત્ર લેવાની જરૂર નથી. જો કે પાકિસ્તાન અને અફઘાનિસ્તાનના વિદ્યાર્થીઓ માટે સરકાર પાસેથી પ્રમાણપત્ર મેળવી લેવાની હજુ જરૂર રહેશે. સરકારે એવા ભારતીય જેમની પાસે વિદેશી પાસપોર્ટ છે જે ઓવર સિઝ સિટિજન્સ ઓફ ઈન્ડિયાના સ્વરૂપમાં નોંધણી કરાવી ચુક્યા છે તેમને પણ કોઇ પણ પ્રકારના પ્રમાણપત્ર મેળવી લેવામાંથી મુક્તિ આપી દીધી છે. દરમિયાન એવી માહિતી હાલમાં મળી રહી છે કે આઇઆઇટી સંસ્થાઓ દ્વારા મોટા પાયે વિદેશી પ્રોફેસરની ભરતી કરવા માટે તૈયારી દર્શાવવામાં આવી છે. આઇઆઇટી કાઉન્સિલ દ્વારા જાહેરાત કરી દેવામાં આવી છે કે વિદેશી શિક્ષકોની ભરતી પોતાના સ્તર પર કરવામાં આવી શકે છે. અમેરિકાને ત્રણ વર્ગમાં વિભાજિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વિશ્વ રેન્કિંગમાં સુધારો કરવામાં આવી રહ્યો છે. ભારત આના માટે ગંભીર પણ નજરે પડે છે.જુદા જુદા વિભાગ દ્વારા હાલમાં શિક્ષણના સ્તરને સુધારવા માટે પગલા લેવામાં આવી રહ્યા છે.




પાંચ વર્ષમાં મોદી સરકાર ટાર્ગેટ પૂર્ણ કરશે

એક કિસથી પણ કેલરી બર્ન થાય છે

કિસિંગ સાથે જોડાયેલા અનેક પ્રકારના ફાયદા રહેલા છે કારણ કે...


વેલેન્ટાઇન ડેની ઉજવણી કરવાની તૈયારી ચાલી રહી છે ત્યારે હાલમાં કરવામાં આવેલા નવા રસપ્રદ અભ્યાસમાં કેટલાક તારણો જારી કરવામાં આવ્યા છે. પાર્ટનર સમક્ષ પ્રેમ દર્શાવવા માટેના તરીકા અથવા તો કોઇ ડેટ પર લઇ જતી વેળા પરફેક્ટ એન્ડિંગ કોઇ કિસ છે તો અહીં યાદ રાખવા જેવી બાબત છે કે કિસિંગના કારણે માત્ર સંબંધોને મજબુતી મળી રહી નથી બલ્કે આરોગ્ય સાથે જોડાયેલા અનેક ફાયદા પણ થઇ રહ્યા છે. આ કોઇ મજાક નહીં બલ્કે વાસ્તવિકતા છે. કેલરી બર્ન કરવા માટે જો કોઇ વ્યક્તિ વજન ઉતારે છે તો પણ કિસિંગના કારણે ફાયદો થાય છે. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં કેટલીક સારી બાબત સ્પષ્ટ થઇ છે. જે પૈકી એક બાબત એ પણ ઉભરીને સપાટી પર આવી છે કે એક મિનિટ સુધી કિસિંગ કરવાના કારણે ત્રણથી છ કેલોરી સુધી બર્ન કરવામાં આવી શકે છે. હોઇ શકે કે તે ટ્રેડમિલ પર વોકિંગ અથવા તો રનિંગ જેટલો ફાયદો ન થાય પરંતુ લાંબા સમય કિસિંગ કરવાના ફાયદા રહેલા છે. કેલરી બર્ન કરવા ઉપરાંત પણ કિસિંગથી આરોગ્યના કેટલાક ફાયદા રહેલા છે. હેલ્થી હાર્ટમાં પણ તેની ભૂમિકા છે. રિપોર્ટમાં હવે એવો દાવો કરવામાં આવ્યો છે કે કિસ મારફતે શરીરમાં રહેલા કોલેસ્ટ્રોલને ઘટાડીને બ્લડ પ્રેશરને કન્ટ્રોલ કરી શકાય છે. સ્ટ્રેસ એક ખુબ મહત્વપૂર્ણ પરિબળ તરીકે છે. જેના કારણે હાર્ટ સાથે સંબંધિત બિમારી થાય છે. જેથી જો બ્લડ પ્રેશર અંકુશમાં રહે છે તો હાર્ટ હેલ્થી રહે છે. જેથી પરોક્ષ રીતે પણ જોવામાં આવે તો કિસિંગના ફાયદા રહેલા છે. લેફેયેટ કોલેજના રિસર્ચમાં કેટલીક વિગત સપાટી પર આવી છે. જો કે આના લઇને વિરોધાભાસની સ્થિતી છે. રિસર્ચ મુજબ કિસિગથી શરીરથી ગુડ્સ હાર્મોન્સ નિકળે છે. જેઆપને ખુશ રાખવા માટે ઉપયોગી સાબિત થાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અને રસપ્રદ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે પરણીત દંપતિઓમાં સમય પસાર થવાની સાથે સાથે તેમની વચ્ચે કિસની સંખ્યામાં દિનપ્રતિદિન ઘટાડો થાય છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે લગ્નની પ્રથમ અને બીજી વર્ષગાંઠ વચ્ચેના ગાળામાં સપ્તાહમાં ૩૧ વખત દંપત્તિ કિસ કરે છે. પરંતુ ત્યારબાદ સમય પસાર થતાં કિસની સંખ્યામાં ઘટાડો થતો જાય છે. બ્રિટનમાં હિથ્રો એરપોર્ટના અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે પ્રેમીઓ સપ્તાહમાં ૨૧ વખત સામાન્ય રીતે કિસ કરે છે. ડેલી એક્સપ્રેસે આ અભ્યાસના તારણોને ટાંકીને આ મુજબની વાત કરી છે. જો કે કિસની સંખ્યામાં સંબંધો આગળ વધતાં સતત ઘટાડો થાય છે. પ્રથમ છ મહિનામાં દંપત્તી એક સપ્તાહમાં ૨૫ વખત ચુંબન કરે છે જ્યારે તેમના બીજા વર્ષમાં ૩૧ વખત ચુંબન કરે છે પરંતુ પાંચ વર્ષના ગાળા બાદ આ સંખ્યા ઘટીને ૧૯ સુધી થઈ જાય છે. આનો મતલબ એ થયો કે લગ્ન થયા બાદ સંબંધોમાં દિનપ્રતિદિન પ્રેમ ઓછો થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દર ૨૦ બ્રિટિશ પુખ્તવયના લોકો પૈકી એકે ક્યારેય પણ તેના પ્રેમી અથવા પ્રેમીકાને કિસ કરી નથી પરંતુ મોટી સંખ્યામાં લોકોએ આને સમર્થન પણ આપ્યું છે અને કહ્યું છે કે પરીણિત દંપત્તિઓ વચ્ચે કિસીગની સંખ્યા ચોક્કસપણે ઘટતી જાય છે. શરૂઆતના તબક્કામાં નવા લગ્ન થયા બાદ પ્રેમ વધારે નજરે પડે છે પરંતુ સમય પસાર થતાં સંબંધો સામાન્ય બનવા લાગે છે. થોડાક વર્ષો પહેલાં લવ એક્ટ્યુલી નામની ફિલ્મ પણ આવી હતી જેમાં ઘણી બધી બાબતોનો સંદેશો આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત કિસીંગને લઈને ઘણા અભ્યાસ થઈ ચૂક્યા છે જેમાં કિસીંગના ફાયદા છે કે નુકશાન તેની વાત પણ કરવામાં આવી છે. કેટલાક અભ્યાસ મુજબ ચુંબન અથવા કિસીંગથી દંપત્તી વચ્ચે પ્રેમમાં વધારો થાય છે. આરોગ્ય ઉપર પણ તેની અસર થાય છે તેમ જણાવવામાં આવ્યું હતું. કેટલાક લોકો આ પ્રકારના અભ્યાસ સાથે સહમત નથી.બંને અભ્યાસના તારણને લઈને કેટલાક લોકો પ્રશ્ન પણ ઉઠાવી રહ્યા છે.



કેલરી બર્ન કરીને વજન ઘટાડી દેવા માટે ઇચ્છુક લોકોને પણ કિસથી ફાયદો થાય છે : રસપ્રદ અભ્યાસના તારણો જારી કરાતા ચર્ચા છેડાઇ

એક્ટિવ સેક્સ લાઈફ જરૂરી

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા રસપ્રદ અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે એક્ટિવ સેક્સ લાઈફ યુવા અને સ્લીમ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સેક્સથી એકબાજુ વિટામીન ડીના સ્કીન પ્રોડક્શનને પ્રોત્સાહન મળે છે. જ્યારે બીજા નિષ્ણાંતોનું કહેવું છે કે એક્ટિવ સેક્સ લાઈફથી વધુ યુવા દેખાવામાં પણ મદદ મળે છે. અભ્યાસના ભાગરૂપે જેનીફર ડક્કરલી નામના નિષ્ણાંતે ૧૦ જેટલા પ્રશ્નો તમામને પૂછ્યા હતા જેના ભાગરૂપે એક્ટિવ સેક્સ લાઈફથી શું ફાયદો થશે તે પ્રશ્નનો પણ સમાવેશ થાય છે. આ પ્રશ્નના જવાબમાં મોટાભાગના લોકોએ કહ્યું હતું કે એક્ટીવ સેક્સ લાઈફથી ખુશખુશાલ રહેવામાં પણ મદદ મળે છે. ૩૦-૪૦ અને ૫૦ વર્ષની વયમાં નિયમિતપણે સેક્સ માણનાર પુરુષોમાં હાર્ટ એટેકનો ખતરો વધી જાય છે તેવા કોઈપણ પુરાવા મળ્યા નથી જેથી આ અંગેની માન્યતા પણ બિલકુલ ખોટી છે. બીજી બાજુ ફિનિશ વૈજ્ઞાનિકોનું કહેવું છે કે એક સપ્તાહમાં બે વખત સેક્સ માણી રહેલા પુરુષોમાં લાઈફના મોડાના તબક્કામાં નપુસંકતાનો ખતરો પણ રહેતો નથી. બ્રિટનના જાણીતા અખબાર ડેલી સ્ટારે અભ્યાસના તારણોને તાકીને જણાવ્યું છે કે આનાથી સ્ટ્રેસ અથવા તો ટેન્શન પણ દૂર થાય છે. સેક્સ કુદરતી ટેન્શન દૂર કરનાર પરિબળ સમાન છે. આ ઉપરાંત નિયમિત સેક્સના અન્ય ફાયદાઓ પણ જણાવવામાં આવ્યા છે. ૫૦ વયની મહિલાઓને આવરી લઈને કરવામાં આવેલા અન્ય એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સેક્સથી નકારાત્મકતા દૂર થાય છે. સેક્સ બાદ હકારાત્મક મૂડ રહે છે. સેક્સના કારણે એન્ડોરફિન્સ નામના તત્વો રિલીઝ થાય છે જેનાથી કોઈપણ વ્યક્તિ વધુ સારો અનુભવ કરે છે. લાઈફમાં ફિટ અને સ્લીમ રહેવા માટે સેક્સ ઉપયોગી હોવાનો મત વ્યક્ત કરવામાં આવ્યો છે. સેક્સમાં ઘણી બધી મશલ એક્ટીવીટી સંકળાયેલી છે જે શરીરને એક્ટીવ રાખવામાં મદદરૂપ બને છે.



શર્લિનને કામસૂત્રના શૂટિંગમાં કેટલીક મુશ્કેલીઓ થઈ હતી

મુંબઈ

શર્લિન ચોપડાની બોલ્ડ ફિલ્મ્સે તેને ઈન્ડસ્ટ્રીમાં અલગ ઓળખ આપી છે. શર્લિન કામસૂત્રોનું શૂટિંગ કરી રહી હતી ત્યારે તેને કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. આવી જ મુશ્કેલીમાંથી ફિલ્મ મેકર મીરા નાયર પણ પસાર થઈ હતી.

મીરા નાયરે જણાવ્યું હતું કે, જ્યારે તે કામસૂત્રનું શૂટિંગ કરવા જયપુર પહોંચી ત્યારે ત્યાં રોજ ૨૧ વિધાયક સેટ પર આવીને ચેક કરતાં હતાં કે ક્યાંક પોર્ન મૂવી તો નથી બનાવી રહ્યાં ને.

મીરા નાયરની ફિલ્મ કામસૂત્ર બોલ્ડ સીન્સથી ભરપૂર હતી. રીલિઝ બાદ ફિલ્મ કેટલાક આંતરરાષ્ટ્રીય ફિલ્મ સમારોહમાં પણ બતાવવામાં આવી હતી અને તેના વખાણ પણ થયા હતા. જોકે, વિવાદિત ટાઈટલને લીધે ફિલ્મ દેશમાં કેટલીક જગ્યાઓએ રીલિઝ નહોતી થઈ.

મીરા નાયર મિસિપ્પી મસાલા, ધ નેમસેક, મોનસુન વેડિંગ, કામસૂત્ર અને સલામ બોમ્બે જેવી ફિલ્મ બનાવી ચૂકી છે. જયપુર લિટરેચર ફેસ્ટિવલમાં તેણે કહ્યું હતું કે, તેના જીવનમાં હંમેશા નાણાંની તંગી રહી છે. તેણે કહ્યું કે, ફિલ્મના નિર્માણ માટે નાણાં હોવા જરૂરી છે. પરંતુ મેં આની ભરપાઈ મારા ઈમેઝિનેશન પાવર દ્વારા કરી.તેણે કહ્યું કે, મારી પહેલી ફિલ્મ સલામ બોમ્બે કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં પ્રદર્શિત કરવા માટે પસંદગી પામી હતી. હું પણ તેમાં સામેલ થવા કાન્સ ગઈ હતી. પરંતુ તે સમયે મારી પાસે એટલા નાણાં ન હોતાં કે કોઈ હોટલમાં રોકાઈ શકું.

માધુરી, અનિલ કપુરની સુપર ડાન્સર-ઉના સેટ પર ઝૂમ્યા

મુંબઈ

૯૦ ના, માધુરી દિક્ષિત અને અનિલ કપૂર સૌથી વધુ પ્રશંસા પામનારી ઓન-સ્ક્રીન દંપતી બધા ફરી સ્ક્રીનો પર તેમના જાદુ ફરીથી સેટ છે. ગિયર અપ ભવ્ય માધુરી દિક્ષિત તરીકે તેમના આકર્ષણના સાક્ષી અને ઉદાર અનિલ કપૂર સુપર ડાન્સર પ્રકરણ ૩ સુપર પ્રતિભાશાળી સ્પર્ધકોએ સાથે આગ પર તખ્તો ઘડી આપ્યો. પ્રતિભાશાળી કલાકારો તેમના આગામી ફિલ્મ કુલ ધમાલ પ્રમોટ કરવા સુપર ડાન્સર પ્રકરણ ૩ સેટ મુલાકાત લીધી હતી.

માધુરી, બોલીવુડની નૃત્ય દિવા સ્પર્ધકોએ પ્રદર્શન દ્વારા ગભરાયેલું હતું. તેમણે સ્પર્ધકોએ પ્રશંસા થઈ હતી અને તે એક વિશાળ વાત છે સ્પર્ધકોએ નૃત્ય રાણી પોતાની જાતને થી શુભેચ્છાઓ મળી છે. અનિલ કપૂર, જે બીજી વખત સેટ મુલાકાત લીધી પ્રદર્શન સાક્ષી સુખી કરતાં વધુ હતી. માધુરી કૃપા સાથે સેટ પર અનિલ 'ઓ ઊર્જા સેટ પર કુલ ધમાલ હતી.દર્શકો ઊંચી ઉર્જા કામગીરી બધા સમય સ્પર્ધકોએ દ્વારા આ સપ્તાહના અનિલ કપૂર અને માધુરી દિક્ષિત ગીતો હિટ પર જોવા મળશે.





જયાં સુધી કોઈ આરોપ સાબિત ન ખાય ત્યાં સુધી કાંઈ કહીશ નહીં : અજય દેવગન

બોલિવૂડમાં ગયા વર્ષે એક્ટ્રેસ તનુશ્રી દત્તાએ ટૂ મી અભિયાનની શરૂઆત કરી હતી. તનુશ્રી પછી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાંથી અનેક હિરોઈનોએ પોતાની સાથે થયેલા શોષણની વાત જાહેર કરી હતી. આ અભિયાનમાં આલોક નાથ, અનુ મલિક, વિકાસ બહેલ, સાજિદ ખાન, રજત કપૂર, રાજુ હિરાણી, કૈલાસ ખેર તેમજ સુભાષ ઘાઈ જેવા અનેક મોટા માથાઓ પર આરોપ લાગ્યા હતા. હવે આ અભિયાન વિશે અજય દેવગને નિવેદન આપ્યું છે. તેણે કહ્યું છે કે જ્યાં સુધી કોઈ આરોપ સાબિત ન થઈ જાય ત્યાં સુધી હું આ મામલે કંઈ કહી ન શકું. એક ઈન્ટરવ્યૂ દરમિયાન અજય દેવગને કહ્યું છે કે આ કેમ્પેઈન પછી અનેક દિગ્ગજ લોકો પર આરોપ લાગ્યા છે. હું કોઈને ટેકો નહીં આપું પણ એટલું જરૂર કહીશ કે આ નામો સાંભળીને મને આંચકો લાગ્યો છે પણ જ્યાં સુધી કંઈ સત્ય સાબિત ન થાય ત્યાં સુધી કોઈને જજ ન કરી શકું. હું માનું છું કે આ મામલાઓ પર જરૂરી કાયદાકીય કાર્યવાહી થવી જોઈએ જેથી હકીકત સામે આવે. અજયે આ પહેલા ટૂ મીને ટેકો આપતું નિવેદન કર્યું હતું કે બોલિવૂડમાં હવે તાકાતનો ખેલ નહીં ચાલે કારણ કે મહિલાઓ અન્યાય સામે અવાજ ઉઠાવવા લાગી છે. નવી પેઢી હવે અલગ વિચારે છે અને તે અન્યાય સહન નહીં કરે. હવે બધી પરિસ્થિતિ પારદર્શક થઈ ગઈ છે.

અજય હાલમાં પોતાની આગામી ફિલ્મ 'ટોટલ ધમાલ'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ ફિલ્મ ૨૨ ફેબ્રુઆરીએ રિલીઝ થશે



વડાપ્રધાન મોદીની બાયોપિકમાં જશોદાબેનનો રોલ બરખા ભજવશે

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર ફિલ્મ બનવા જઈ રહી છે અને અગાઉ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બાયોપિક 'પીએમ નરેન્દ્ર મોદી'નો ફર્સ્ટ લુક રીલિઝ કરવામાં આવ્યો હતો. આ ફિલ્મમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પાત્રમાં વિવેક ઓબેરોય જોવા મળશે. બોલિવૂડ લાઈફ. કોમના અહેવાલ પ્રમાણે, લોકપ્રિય ટીવી અભિનેત્રી બરખા બિષ્ટ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બાયોપિકમાં તેમની પત્ની જશોદાબેનના પાત્રમાં જોવા મળશે.

ફિલ્મની અન્ય સ્ટાર કાસ્ટની વાત કરવામાં આવે તો ફિલ્મમાં વિવેક ઓબેરોય ઉપરાંત બોમન ઈરાની, ઝરીના વહાબ અને મનોજ જોશી જેવા કલાકાર નજરે પડશે. આ પહેલાં બરખા ફિલ્મ 'ગોલિયો કી રાસલીલા રામલીલા'માં જોવા મળી હતી. બરખાએ પોતે આ સમાચારની પુષ્ટિ કરતાં કહ્યું કે, ફિલ્મમાં મારો રોલ નાનકડો હોવા છતાં ખૂબ જ મજબૂત પાત્ર છે.

મને આ રોલ માટે એટલે ઓફર મળી કે મેકર્સને ગોલિયો કી રાસલીલામાં મારું અભિનય ગમ્યું હતું. બરખાએ કહ્યું કે, હું નસીબદાર છું કે મને પીએમ નરેન્દ્ર મોદીની બાયોપિક સાથે જોડાવવાનો મોકો મળ્યો.



ઈરફાન ખાન કરિના કપૂર સાથે ફિલ્મમાં પરત ફરે તેવી સંભાવના


નવીદિલ્હી

બોલિવૂડ અભિનેતા ઈરફાન ખાન અને સબા કમરની કેમેસ્ટ્રી ફિલ્મ 'હિંદી મીડિયમ'માં દર્શકોની ખૂબ પસંદ પડી હતી. આ ફિલ્મમાં દર્શકોએ ઈરફાનના અભિનયના વખાણ કર્યા હતા અને તેને ફિલ્મફેર બેસ્ટ એક્ટરનો એવોર્ડ પણ મળ્યો હતો. આ ફિલ્મની કહાનીને લઈને મેકર્સ અને ઈરફાન ખાન બન્ને એટલા ઉત્સાહિત હતાં કે ફિલ્મ 'હિંદી મીડિયમ પાર્ટ ૨ ' પર પણ કામ શરૂ કરવાની વાતો ચર્ચાઈ હતી. ત્યાં સુધી કે ફિલ્મના નિર્માતા ભૂષણ કુમાર અને દિનેશ વિઝને હિંદી મીડિયમ ૨ બનાવવા અંગે ઓફિશિયલ જાહેરાત પણ કરી દીધી હતી. આ દરમિયાન ઈરફાન ખાનને કેન્સર થતાં તેને સારવાર માટે ન્યૂયોર્ક જવું પડ્યું હતું. જેના કારણે ફિલ્મ ડબ્બામાં મૂકાઈ ગઈ હતી. જોકે, થોડા દિવસો પહેલાં અભિનેતા ઈરફાન ખાન ભારત પરત ફર્યો છે અને તેની તબિયતમાં પણ સુધાર છે. આવામાં જાણવા મળી રહ્યું છે કે, હિંદી મીડિયમ ૨ની સ્ક્રિપ્ટ પર કામ ચાલી રહ્યું છે. સાથે જ ફિલ્મ માટે અભિનેત્રીની પસંદગી અંગે પણ વિચારણા ચાલી રહી છે. આ લિસ્ટમાં કરિના કપૂરનું નામ સૌથી ઉપર હોવાનું કહેવાય છે.

સૂત્રોનું માનીએ તો હાલમાં જ મેકર્સ કરિના કપૂરને મળ્યા હતા. કરિનાને ફિલ્મની સ્ક્રિપ્ટ સંભળાવવામાં આવી હતી. પેરેન્ટ્સ અને બાળકોના સ્કૂલ એડમિશનની આ કહાણી કરિના કપૂરને પસંદ પડી છે. પરંતુ તેણે હાલ ફિલ્મ સાઈન કરવા માટે હા પાડી નથી. ફિલ્મના મેકર્સ કરિના કપૂરના જવાબની રાહ જોઈ રહ્યાં છે.જો કરિના કપૂર ફિલ્મ કરવા તૈયાર થશે તો ઈરફાન ખાન સાથે તેની આ પહેલી ફિલ્મ હશે. ઈરફાન-કરિનાની કેમેસ્ટ્રી દર્શકોને જરૂર આકર્ષશે.

અક્ષય કુમારે શેયર કર્યો કેસરીનો ફર્સ્ટ લુક

બોલીવુડમાં પીરિયડ ડ્રામા ફિલ્મો અગાઉથી બનતી આવી છે અને આ દિશામાં હવે અક્ષય કુમારનું નામ જોડાઈ રહ્યું છે. અક્ષય કુમાર છેલ્લા કેટલાક વર્ષોથી દેશભક્તિ અને સામાજિક વિષયો સાથે જોડાયેલી ફિલ્મો કરી રહ્યો છે. અક્ષય કુમારના આ લુકને જોવા ઈચ્છતા ફેન્સ માટે સારા સમાચાર છે. અક્ષય કુમારની આગામી ફિલ્મ કેસરીનો પ્રથમ લુક અક્ષયે જ શેયર કર્યો છે. જે જોતાં તે ફરી એકવાર દેશભક્તિના વિષય સાથે આવી રહ્યો છે. તમને જણાવીએ આ ફિલ્મનું ટ્રેલર ૨૧ ફેબ્રુઆરીના રોજ રિલીઝ થવાનું છે.



અક્ષય કુમારે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર કેસરી નું નવું પોસ્ટર શેયર કર્યું છે. અક્ષય આ પોસ્ટરમાં હાથમાં તલવાર લઈને દેખાય છે. આ પોસ્ટરમાં અક્ષયનો બેક લુક દેખાડવામાં આવ્યો છે.

તમને જણાવીએ કે અક્ષયની આ ફિલ્મ ભારતના મોટા યુધ્ધ પૈકીના એક એવા ૧૮૯૭માં થયેલા સારાગઢી અંગેની છે. જેમાં ૧૦૦૦૦ અફઘાનિયો સાથે મુકાબલો કરવા માટે ભારતના માત્ર ૨૧ શીખ મેદાનમાં ઉતર્યા હતા. આ કહાની હવાલદાર ઈશર સિંહની છે જે લડાઈમાં સામેલ હતા. આ ફિલ્મને અક્ષય કુમાર અને કરણ જોહર પ્રોડ્યૂસ કરી રહ્યા છે. આ ફિલ્મના નવા પોસ્ટરને કરણ જોહરે પણ પોતાના સોશિયલ એકાઉન્ટમાં શેયર કર્યું છે. અક્ષય કુમાર અને પરિણીતી ચોપરાને ટેગ કરતાં લખ્યું છે કે કેસરી એક બહેતરીન કહાની છે. જેને ૨૧ માર્ચે રિલીઝ કરવામાં આવશે. અહીં નોંધનિય છે કે, આ ફિલ્મમાં અક્ષયની સામે પરિણીતી ચોપરા નજર આવશે. ફિલ્મનું નિર્દેશન અનુરાગ સિંહે કર્યું છે. આ ફિલ્મનું શૂટિંગ લગભગ પૂર્ણ થઈ ગયું છે.

કર્મચારીઓને કાર ગીફ્ટ કરનાર ધોળકીયાનું તિહાર જેલમાં ભાગવતનું આયોજન

સુરત

કર્મચારીઓને દિવાળીએ કાર-ઘર-જ્વેલરી આપનારા સવજીભાઈ ધોળકીયા દ્વારા એક અનોખું આયોજન કરવામાં આવ્યું છે. આગામી ૨૦થી ૨૬મી ફેબ્રુઆરી દરમિયાન દિલ્હીની તિહાર જેલમાં વક્તા જીગ્નેદાદાના વ્યાસાસને ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેલમાં કથા અંગે સવજીભાઈએ જણાવ્યું હતું કે, મારા એક મિત્ર ખોટી રીતે કોઈ કેસમાં ફસાયેલા અને તિહાર જેલમાં હતા ત્યારે તેને



મળવા ગયો ત્યારે જેલનું વાતાવરણ જોઈને એમ થયું કે કેદીઓની માનસિક સ્થિતિ માટે અને તેમને પોઝીટીવ સંદેશ મળી રહે તે માટે તિહાર જેલમાં કંઈક કથા કરવાથી તેનું ભલું થઈ શકે તેમ છે.

હરેકૃષ્ણ ડાયમંડ કંપનીના સર્વેસર્વા સવજીભાઈએ ધોળકીયાએ જણાવ્યું હતું કે, છ મહિના પહેલા અમે કથાનું નક્કિ કર્યું અને જેલસત્તાવાળાઓને રિક્વેસ્ટ કરતાં તેમણે અમને કથા માટે પરવાનગી આપી હતી. આ કથા હિન્દીમાં કહેવામાં આવશે. તિહાર જેલમાં જુદા જુદા ગુનાઓની સજા ભોગવી રહેલા કેદીઓ માટે તેમના માનસિક સંતુલન અને આનંદ માટે એક સારી ભાવનાથી આ કથાનું આયોજન કરાયું હોવાનું તેમણે વધુમાં ઉમેર્યું હતું.

સગર્ભા પ્રેમિકાને દૂધમાં દાવા પીવડાવી ગર્ભપાત કરાવી દીધો

પ્રેમી યુવક અને પરિવાર વિરુદ્ધ પોલીસ ફરિયાદ

સુરત

પાંડેસરામાં સગર્ભા બનેલી પ્રેમિકાને જાણ વગર દવાવાળુ દૂધ પાય ગર્ભપાત કરાવનાર પ્રેમિ યુવકને તેની માતા અને ભાઈ-ભાભી સહિત પાંચ ઈસમો વિરુદ્ધ સ્થાનિક પોલીસે ગુનો દાખલ કર્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પાંડેસરા વડોદગામ, ગણેશનગર પાસે આવેલા સાંઈનગરમાં રહેતા કમલ પ્રેમદાસ પ્રજાપતિએ નજીકમાં રહેતી યુવતીને પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી અને બાદમાં અવાર નવાર શરીર સુખ માણી સગર્ભા બનાવી બે માસનો ગર્ભ રહેતા પ્રેમી કમલ પ્રજાપતિ પ્રેમિકાને પોતાના ઘરે લઈ ગયો હતો અને માતા અને ભાભી લક્ષ્મી સાથે મળી કોઈ દવાવાળુ દૂધ પીવડાવી દેતા તેણીને ગર્ભ પડી ગયો હતો. ગર્ભપાત બાબતે ઠપકો આપવા ગયેલી પ્રેમિકાની માતા તેમજ પ્રેમિકાને માર માર્યો હતો. આ બનાવ અંગે પ્રેમિકાએ આખરે દગાખોર પ્રેમી કમલ પ્રજાપતિ, તેની માતા, તેના બે ભાઈ પપ્પુ અને દીપક તથા ભાભી લક્ષ્મી વિરુદ્ધ પાંડેસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી સાથે વધુ તપાસ શરૂ કરી હતી.

મૃત મહિલાનાં શરીર પર અસંખ્ય મારના નિશાન, અનેક તર્ક-વિતર્ક

સુરત

પાંડેસરા વિસ્તારમાં એક મહિલાનું રહસ્યમય મોત નિપજતા પોલીસે તપાસ હાથ ધરી છે. એસિડ પોઈઝનની વાત સાથે સિવિલ હોસ્પિટલ ખસેડાયેલી મહિલાનું ટૂંકી સારવાર બાદ મોત નિપજ્યું હતું. મહિલાના શરીર પર અસંખ્ય મારના નિશાન મળી આવતા અનેક પ્રશ્નો ઉભા થયા છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પાંડેસરાના જય અંબે નગરમાં રહેતી પત્નીને બુધવારની મોડી સાંજે તેનો પતિ એસિડ પોઈઝન કેસની સારવાર માટે સુરત સિવિલ હોસ્પિટલ લઈ આવ્યો હતો. જ્યાં પત્નીને તાત્કાલિક સારવાર માટે જી-૨ વોર્ડમાં દાખલ કરાયા બાદ તેણી નું ટૂંકી સારવાર સાથે મોત નીપજ્યું હતું. મહિલાના મૃત્યુનું સચોટ કારણ જાણવા પોલીસે પોસ્ટ મોર્ટમની દિશામાં કામગીરી હાથ ધરી છે.

ડો. એમ સી ચૌહાણ (પી એમ કરનાર તબીબ) એ જણાવ્યું હતું કે પોલીસ પીએમ માટે ઈક્વેસ્ટ લઈ આવી હતી. જોકે, મહિલાના શરીર પરથી અનેક ઈજાના નિશાન મળી આવ્યા છે. માથા, કપાળ અને હાથમાં ફ્રેક્ચર થયું હોય એવા ઈજાના નિશાન બાદ તેના પતિની પૂછપરછમાં પત્ની કોઈ અન્ય પુરુષ સાથે અનૈતિક સંબંધ માણતા પકડાય ગઈ હતી. જેથી પતિએ પત્નીને લાકડાના ફટકાથી મારી હતી. ત્યારબાદ પત્નીએ એસિડ પી લેતા તેણીને ખાનગી બાદ સિવિલ હોસ્પિટલ લઈ આવ્યો હોવાની વાત કરી રહ્યો છે. જેને લઈ મહિલાના મોતનું સચોટ કારણ પીએમ બાદ જ કહીં શકાય છે.

વતનવાસીઓ એ જણાવ્યું હતું કે, સંચાખાતામાં ટીએફઓ મશીન ઓપરેટર તરીકે કામ કરતો પતિ કાનપુર યુપીનો રહેવાસી છે. અને ૧૧ વર્ષના લગ્ન જીવન દરમિયાન બે સંતાનોનો પિતા છે. હાલ પતિ પોલીસ કસ્ટડીમાં હોવાનું જાણવા મળ્યું છે.

મકાનમાં ચાલતા કારખાનામાં આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો

સુરત

વરાછાના મહાદેવ નગરના એક મકાનમાં ચાલતા કારખાનામાં શોર્ટ સર્કિટના કારણે આગ ફાટી નીકળતા ભાગદોડ મચી ગઈ હતી. મંગળવારની મોડી રાત્રે બનેલી આ ઘટના બાદ સોસાયટીના લોકો રોડ ઉપર દોડી આવ્યા હતા. જોકે, ફાયરનો કાફલો તાત્કાલિક દોડી આવતા એક કલાકમાં જ આગને કાબુમાં લેવાઈ ગઈ હતી. પ્રાથમિક તપાસમાં હીરા ઘસવાની સરણ બનાવવાના કારખાનામાં આગ લાગી હોવાનું બહાર આવ્યું હતું.

ફાયર વિભાગે જણાવ્યું હતું કે, વરાછા મહાદેવ નગરમાં રહેતા યોગેશભાઈ નામના વ્યક્તિએ છેલ્લા કેટલાક સમયથી અશોક પુરષોતમ જાદવને પોતાનું મકાન ભાડે આપ્યું હતું. જેમાં અશોક હીરા ઘસવાની સરણ બનાવતો હતો. મધરાત્રે અચાનક કારખાનામાં શોર્ટ સર્કીટ બાદ આગ લાગી જતા આખું કારખાનું આગની લપેટમાં આવી ગયું હતું. સોસાયટીના લોકોને ઘટનાની જાણ થતાં ફાયરને જાણ કરાઈ હતી. ઘટનાની જાણ બાદ કાપોદ્રા અને ઘાચી શેરીના ચારથી પાંચ ફાયર ફાયટરોની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી. લગભગ એક કલાકમાં જ આગને કાબુમાં લેવામાં ફાયરના જવાનો સફળ રહ્યા હતા. જોકે આ દુર્ગતનામાં કોઈ જાનહાનિ નોંધાય ન હતી. પરંતુ કારખાનાનો તમામ મુદ્દા માલ બળીને ખાખ થઈ ગયો હતો.

લઘુમતી કન્યાઓ માટે ઉર્દૂ માધ્યમ સુમન શાળાઓ શરૂ કરવાની માંગણી

કન્યાઓએ ૮ થી ૧૦ કિમી દૂર ભણવા જવું પડે છે

સુરત

લઘુમતી સમાજની કન્યાઓ માટે સુમન શાળાની વ્યવસ્થા કરવા બાબતે લઘુમતી સમાજના શાહ ફકીર જમાતના અગ્રણીઓ દ્વારા સુરત મનપાના કમિશનરને રજૂઆત કરી જણાવાયું છે કે, સુરત શહેર લીંબાયત વિસ્તારમાં લઘુમતી સમાજની કન્યાઓ માટે ધો.૮ પછી સુમન શાળાની વ્યવસ્થા નથી. ઉર્દૂ માધ્યમમાં અભ્યાસ કરતી કન્યાઓને પોતાના વિસ્તારથી ૧૦ કિ.મી. દૂર આવેલી શાળાઓમાં ભણવા જવું પડે છે અને ટ્રાફિકની સમસ્યાનો ભોગ બનવું પડે છે. સરકારનો ''બેટી બચાવો, બેટી પઢાવો, અને બેટી વધાવો'' જેવા શ્લોગનને અમો અંતઃકરણથી બિરદાવીએ છીએ અને સબકા સાથ સબકા વિકાસ અંતર્ગત લઘુમતી સમાજ શાહ જમાતનાં રહીશોની નમ્ર અરજ છે કે, સુરતના લીંબાયત વિસ્તારમાં સુમન શાળા માટે જગ્યાની અનુકૂળતા હોવાથી ઉર્દૂ માધ્યમમાં ધો.૮ પછી સુમન શાળાની વહેલી તકે વ્યવસ્થા કરી આપવા નમ્ર વિનંતી કરવામાં આવી છે.

પોલીસ બાદ હવે સુરત પાલિકાના ટોઈંગ વ્હીકલ પણ ફરતા દેખાશે

સુરત

મહાનગર પાલિકા આગામી ૨૦ ફેબ્રુઆરીના રોજથી શહેરમાં પાર્કિંગ પોલીસીનો અમલ કરવા જઈ રહી છે ત્યારે નો પાર્કિંગમાં મુકેલા વાહનો ઉંચકવવા માટે પાલિકા એક ટોઈંગ વ્હીકલ ખરીદવા જઈ રહી છે. ટોઈંગ વ્હીકલ માટે ચેસીસ ખરીદવા પાલિકાના વર્કશોપ વિભાગ દ્વારા ઓફર મંગાવવામાં આવી હતી.

૨૦ ફેબ્રુઆરીના રોજ શહેરના ૨૧ રસ્તા પર ઓનસ્ટ્રી પાર્કિંગનો અમલ શરૂ કરવામાં આવનાર છે. આગામી દિવસોમાં પાલિકા તબક્કાવાર આખા શહેરમાં પાર્કિંગ પોલીસીનો અમલ કરાવશે. પાર્કિંગ પોલિસીમાં નો પાર્કિંગમાં વાહન પાર્ક કરનારના વાહનો પણ હવે પાલિકા ટ્રો કરી દંડ કરશે તેવી જોગવાઈ કરવામાં આવી છે. જેથી પાલિકાએ એક ટોઈંગ વ્હીકલ ખરીદવાની તૈયારી હાલમાં કરી છે. આગામી દિવસોમાં વધુ ટોઈંગ વ્હીકલ પણ ખરીદાશે. અત્યાર સુધી પોલીસની ટોઈંગ વ્હીકલ શહેરમાં ફરતી હતી, હવે પાલિકાના ટોઈંગ વ્હીકલ પણ શહેરમાં ફરતાં દેખાશે.

અમિત શાહે આશાબેન સાથે કરી બેઠક, મોટી જવાબદારી સોંપાઈ શકે

અમદાવાદ

અમદાવાદમાં આવેલા શાહીબાગ વિસ્તારના એનેક્સી ખાતે ભાજપની મહત્વપૂર્ણ મીટિંગ યોજાઈ હતી. જેમાં રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ સાથે કોંગ્રેસનો છેડો ફાડીને આવેલા ઉંઝાના ધારાસભ્ય આશાબેને મીટિંગ કરી હતી. આ સિવાય આશાબેન અને દિનેશ પટેલે પણ એક બેઠક કરી હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, અંદાજિત ૧૫ મિનિટ સુધી બન્ને નેતાઓએ મુલાકાત કરી હતી.

શાહીબાગના એનેક્સી ખાતે યોજાયેલી બેઠકમાં મુખ્યમંત્રી રૂપાણી, પ્રદેશ અધ્યક્ષ જિતુ વાઘાણી, કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા અને પુરૂષોતમ રૂપાલા બેઠકમાં હાજર રહ્યાં હતા. તમને જણાવી દઈએ કે, આશા પટેલે કોંગ્રેસના ધારાસભ્ય પદેથી રાજીનામું આપીને ભાજપમાં જોડાયા છે. આ પ્રસંગે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી અને પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણી હાજર રહ્યાં હતા, જેથી હવે રાજનીતિ સાથે જોડાયેલા સૂત્રોનું કહેવું છે કે, પાર્ટીમાં હવે આશાબેનને મોટી જવાબદારી સોંપાઈ શકે છે.

આ ઉપરાંત અમિત શાહે પ્રદેશ પ્રમુખ સાથે પણ ચર્ચા કરી હતી. તેમજ સંગઠનના હોદેદારો તથા લોકસભા ચૂંટણી સમિતિ તેમજ ચૂંટણી પ્રભારીઓ સાથે બેઠક યોજાઈ રહી છે.

આ બેઠક બાદ જીતુ વાઘાણીએ જણાવ્યું કે, ઉંઝાના પૂર્વ ધારાસભ્ય આશાબેન પટેલ હવે ભાજપના સભ્ય છે. જેના પગલે એનેક્સી ખાતે યોજાયેલી મીટિંગમાં આશાબેન પટેલે અમિત શાહને મળીને તેમના આશીર્વાદ લીધાં છે.

અનાવિલ સમાજના સ્નેહમિલન સમારંભમાં કુ.ખ્યાતી દેસાઈનું સન્માન

હંમેશા અવ્વલ આવતી ખ્યાતીએ સમાજની શોભા વધારી

વલસાડ

વલસાડ અનાવિલ સમાજના ડૉ.મોંઘાભાઈ હોલ ખાતે સમાજના પ્રમુખ વિનોદભાઈ દેસાઈના પ્રમુખસ્થાને યોજાયેલા સ્નેહમિલન સમારંભમાં માહિતી ખાતાના કર્મયોગી અક્ષય દેસાઈની સુપુત્રી ખ્યાતિ દેસાઈને માસ્ટર ઓફ સાયન્સ બાયોટેકનોલોજીની ઉપાધિ ઉચ્ચ શ્રેણીમાં પસાર કરવા બદલ ચંદ્રક એનાયત કરી સન્માન કરવામાં આવ્યું હતું. કુ. ખ્યાતિ દેસાઈ હાજર ન રહી શકતાં તેનું સન્માન તેમના માતા-પિતાએ સ્વીકાર્યું હતું.

આ અગાઉ ખ્યાતિ દેસાઈ ચારૂસેટ-ચરોતર યુનિવર્સિટીમાંથી બી.એસસી.માં ૯૧ ટકા દસમા ધોરણમાં ૯૪ તેમજ ધોરણ-૧૨ની પરીક્ષા ૭૮ ટકા સાથે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરી ઉત્તીર્ણ કરી છે. કુ. ખ્યાતિએ પોતાનું શાળાકીય શિક્ષણ સ્વામીનારાયણ ગુરુકુળ તથા બાઇ આવાંબાઇ હાઇસ્કૂલમાં લીધું છે. કુ. ખ્યાતિએ તમામ પરીક્ષાઓ ઉચ્ચશ્રેણીમાં પસાર કરી હંમેશા અવ્વલ દરજાની વિદ્યાર્થીની તરીકે અનાવિલ સમાજની શોભા વધારી છે. હાલ તેણી ઝાયડસ કેડીલા લી. કંપનીમાં સર્વિસ કરી રહી છે.

ભાજપા યુવા મોરચામાં હોદ્દેદારો-કાર્યકરો વચ્ચે છુટ્ટા હાથની મારામારી

અમદાવાદ

અમદાવાદ શહેરના ચાંદખેડા વિસ્તારમાં ભાજપ યુવા મોરચામાં એક કાર્યકર્તાને નહીં સમાવવા મામલે જાહેરમાં ભાજપ પક્ષના ચાંદખેડા વોર્ડના મહામંત્રી યુવા મોરચાના મહામંત્રી તથા કાર્યકરો વચ્ચે છુટ્ટા હાથની મારામારી થતા ચકચાર મચી ગઈ છે. જાહેર રોડ પર થયેલી આ બબાલમાં પોલીસે સામસામે ફરિયાદ નોંધીને તપાસ શરૂ કરી છે.

ચાંદખેડા વિસ્તારમાં આવેલ દિવ્યપુંજ શાલોમમાં રહેતા ગૌરાંગ રામજીભાઈ આસોડિયાએ ભાજપ પક્ષના ચાંદખેડા વોર્ડના મહામંત્રી તેમજ યુવા મોરચાના મહામંત્રી સહિત ચાર લોકો વિરુદ્ધમાં માર મારીને જાતિવાચક શબ્દો બોલવા બદલ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી છે.

ફરિયાદમાં કરાયેલા આક્ષેપ પ્રમાણે ભાજપ પક્ષના ચાંદખેડા વોર્ડના મહામંત્રી વિનોદ વ્યાસ, ભાજપના યુવા મોરચાના મહામંત્રી કમલેશ ગોસ્વામી તેમજ ભાજપ પક્ષના કાર્યકર્તા મનોજ બબ્બર ગઇ કાલે સત્યમેવ કોમ્પ્લેક્સમાં ગૌરાંગના ભાઈ હિતેશ સાથે બોલાચાલી-ઝઘડો કરતા હતા અને જાતિવાચક શબ્દો બોલીને કહેતા હતા કે તને ભાજપની યુવા મોરચાની બોડીમાં લેવાના નથી.

ત્રણેય જણા હિતેશને ગાળો બોલતા હતા ત્યારે ગૌરાંગ તેમની પાસે આવ્યો હતો અને ગાળો બોલવાની ના પાડી હતી. સત્યમેવ કોમ્પ્લેક્સમાં ટ્યૂશન ક્લાસીસ હોવાથી ગૌરાંગે તમામને ગાળાગાળી નહીં કરવાનું કહેતાં ત્રણેય જણા ઉશ્કેરાઇ ગયા હતા અને ગૌરાંગ પર હુમલો કરી દીધો હતો. હિતેશ તેને છોડાવવા વચ્ચે પડતાં ત્રણેય જણાએ તેને પણ માર્યો હતો જ્યારે ગૌરાંગના પિતા રામજીભાઇને પણ માર માર્યો હતો. કમલેશ, વિનોદ અને મનોજ સાથે અન્ય એક વ્યકિત પણ હાજર હતી, જેને પણ ગૌરાંગ, હિતેશ અને રામજીભાઇને માર માર્યો હતો. જાહેર રોડ પર બબાલ થતાં મામલો બીચક્યો હતો, જેથી આસપાસના લોકો ભેગા થઇ ગૌરાંગને માથાના ભાગે લોહી નીકળતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

તમે મારું કંઇ બગાડી નહીં શકો, હું ધારીશ તો તમને લોકોને ખોટા કેસમાં ફસાવીને તડીપાર તેમજ પાસા જેવી સજા કરાવીશ. તમારાથી જે ભડાકા થાય તે કરી લો. ચાંદખેડા પોલીસે ચાર લોકો વિરુદ્ધમાં એટ્રોસિટી એક્ટ તેમજ લૂંટ અને મારામારી કરવા બદલ ગુનો દાખલ કરીને તપાસ શરૂ કરી છે.

શસ્ત્ર સાથેની સિલમ્બમ માર્શલ આર્ટમાં ગુજરાતના ખેલાડીઓ ઝળક્યાં

અમદાવાદ

શસ્ત્ર અને શાસ્ત્રનો સમન્વય એટલે ભારતીય સંસ્કૃતિ. જૂના સમયથી શાસ્ત્ર વિદ્યા સાથે શસ્ત્ર વિદ્યા શીખવાનું પણ એટલું જ મહત્વ અપાયું છે. ફક્ત લડાઈ માટે જ નહીં, પરંતુ સ્વરક્ષણ તેમજ સ્વાસ્થ્ય-શરીર સૌષ્ઠવ માટે કેટલીક વિદ્યા ખૂબજ ઉપયોગી થઈ પડે છે. આવી જ એક શસ્ત્ર સાથેની માર્શલ આર્ટ ભારતમાં પ્રચલિત છે. સિલમ્બલ નામની શસ્ત્ર સાથેની આ વિદ્યા દક્ષિણ ભારતના તમિલનાડુમાં ખાસ પ્રચલિત છે.

ઓલ ઈન્ડિયા સિલમ્બલ એસોશિયેશન દ્વારા યોજાયેલ ૧૫મી નેશનલ સિલમ્બલ ચેમ્પિયનશીપમાં ગુજરાતના વિદ્યાર્થીઓએ શાનદાર દેખાવ કર્યો હતો. તામિલનાડુના તિરુચેનગોડે ખાતે યોજવામાં આવેલી આ સ્પર્ધામાં મિનિ સબ જૂનિયર, સબ જૂનિયર, અને સીનિયર પુરુષ-મહિલા વર્ગમાં ૧૫ રાજ્યોએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાત રાજ્યના ૯ ખેલાડીઓએ ભાગ લીધો હતો. સૌથી મહત્વની વાત એ છે કે ગુજરાતની ટીમે પ્રથમ વખત ભાગ લીધો અને એક ગોલ્ડ, બે સિલ્વર અને સાત બ્રોન્ઝ મેડલ જીત્યા. મિનિ સબ જૂનિયર વિભાગમાં અમદાવાદની શાયોના સ્કૂલના કવિન પૂર્વેશ પટેલે ફ્રી સ્ટિકમાં અને હરિકેશ પાંડેએ વાલવીયુમાં સિલ્વર મેડલ મેળવ્યો. જ્યારે સબ જૂનિયર સ્ટિક ફાઈટમાં મેશ્વા પટેલ ગોલ્ડ મેડલ, ભૂમિ રાજપૂત,શ્રેયા રાવલ, વૈભવી પંડિત , રુપિન વડોદરિયા , પ્રત્યુષ ચાવડા અને સચિન પટેલે બ્રોન્ઝ મેડલ જીત્યા.

આજે વેલેન્ટાઈન ડેઃ સંખ્યાબંધ સિઝેરિયનના પ્લાનિંગ

અમદાવાદ

પ્રેમને રજૂ કરવાનું પર્વ એટલે વેલેન્ટાઈન ડે. આજે આ દિવસની ઉજવણી થઈ રહી છે ત્યારે આ વર્ષે વેલેંટાઈન બેબીનું પ્લાનિંગ વધુ પ્રમાણમાં કરાયું છે. અનેક કપલે વેલેન્ટાઈન બેબીના બર્થ માટે આજે ગાયનેક હોસ્પિટલોમાં નોંધણી કરાવી દીધી છે. શહેરમાં અંદાજે આવી ૩૦થી વધુ વેલેન્ટાઈન બેબીનાં સ્પેશિયલ પ્લાનિંગ થયાં છે.

આ અંગે ગાયનેકોલોજિસ્ટ ડો. મેઘા મહેતાએ જણાવ્યું હતું કે આજે અમે ૩ બેબી બર્થ પ્લાન કર્યા છે, પરંતુ તેમાં માત્ર દિવસની પસંદગી જ ધ્યાને નહીં લેતાં પેશન્ટ અને મેડિકલને લગતી તમામ બાબતોની ખરાઈ કર્યા બાદ જ બેબી સિઝેરિયન કરાશે. ગાયનેકોલોજિસ્ટ ડો. જ્યોતિબહેન પટેલે જણાવ્યું હતું કે, સિઝેરિયન કરવા બાબતના તમામ રિપોર્ટની ચકાસણી અને બેબીની મેચ્યોરિટી સહિતના તમામ પાસાની ચકાસણી કરાયા બાદ જ સિઝેરિયન પ્લાન કરાશે.

આ વર્ષે પણ યુવાઓનો મિજાજ ઉજવણીના બદલે સેવા કાર્યો તરફ વળ્યો છે. ચોકલેટ, ગુલાબ, ગિફ્ટ અને કેક કાપવા માટે થનારા ખર્ચને સામાજિક કાર્યોમાં વાપરવાનો ટ્રેન્ડ વધ્યો છે. કેટલીક કોલેજના સ્ટુડન્ટોએ ભેગાં મળીને વેલેન્ટાઈન ડે પાછળ બિનજરૂરી ખર્ચ કરવાના બદલે આવતી કાલે ગરીબોને ભોજન કે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરીને ડેની ઉજવણી કરવાનું નક્કી કર્યું છે.

વેલેન્ટાઈન ડે પર ગુલાબનું ખાસ મહત્ત્વ છે. સામાન્ય દિવસોમાં નજીવી કિંમતે મળતા ગુલાબ આજે રૂ.૫૦થી રૂ.૨૦૦ના ભાવે વેચાશે, જોકે ચાલુ વર્ષે ટેડીબેર તેમજ ફોટો ફ્રેમ જેવી ગિફ્ટ યુવાઓમાં વધુ પ્રિય રહી છે. બજારમાં વિવિધ વરાઈટીની ચોકલેટ, લવ સોંગ્સ, લવ કાર્ડ, લવ વોચ, ગોગલ્સ, લવ બેલ્ટ, લવ ડોલ, કોલેજ બેગ, ચોકલેટ, ટેડીબેર અને ફેન્સી રોઝ તો ખરા કેક શોપમાં વેલેન્ટાઈન્સ કેકના ઓર્ડર બુક થઈ ગયા છે.

મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મ જયંતી વર્ષ નિમિત્તે રાણપુર ખાતે ભાવનગર,અમરેલી અને બોટાદ જીલ્લાનો ગાંધી મેળો યોજાયો



બોટાદ જીલ્લાના રાણપુરમાં ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ ઉની ખાદી કેન્દ્ર રાણપુર ખાતે ભાવનગર,અમરેલી અને બોટાદ જીલ્લાની રચનાત્મક સંસ્થાઓ દ્વારા એક દિવસીત ગાંધી મેળાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ મહાત્મા ગાંધીજીની ૧૫૦ મી જન્મજયંતિ વર્ષ નિમિત્તે આ ગાંધી મેળો ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ ઉની ખાદી સંસ્થા રાણપુર ખાતે યોજાયો હતો આ ગાંધી મેળામાં સ્કુલ,કોલેજ ના વિદ્યાર્થીઓ ઉપરાંત દરેક સમાજના આગેવાનો,ગ્રામજનો દ્વારા સવારે રાણપુર ની એ.ડી શેઠ હોસ્પીટલ થી ગાંધી યાત્રા નિકળી હતી અને વિધ કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા ભાવનગર,અમરેલી અને બોટાદ જીલ્લાની સંસ્થાઓ એ ગાંધી મેળામાં ભાગ લીધો હતો આ પ્રસંગે સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના પ્રમુખ દેવેન્દ્રભાઈ દેસાઈ,ભાવનગર યુનિવર્સીટીના પુર્વ કુલપતી ડો.વિદ્યુતભાઈ જોષી,કુંડલા ગ્રામ સેવા મંડળના મનુભાઈ મહેતા,ગુજરાત ખાદી ગ્રામોદ્યોગ વિકાસ બોર્ડ ના અધિકારી દિપકભાઈ પટેલ,ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પીનાકીભાઈ મેઘાણી,ખાદી સહકારી ક્ષેત્રના આગેવાન દાજીભાઈ ફલજીભાઈ ડાભી,ભાલ નળકાંઠા પ્રાયોગીક ગુંદી સંઘના પ્રમુખ ધીરૂભાઈ ફલજીભાઈ ડાભી,રાણપુર ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળના ચેરમેન ગોવિંદસિંહ ડાભી,રાણપુરના સરપંચ અબ્બાસભાઈ ખલાણી,રાણપુર સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટ ના પ્રમુખ મુકુંદભાઈ વઢવાણા,રાણપુરના અગ્રણી વિજયભાઈ શેઠ,રાણપુર એ.પી.એમ.સી.ના ચેરમેન નરેન્દ્રભાઈ દવે,બોટાદ જીલ્લા પંચાયતના સદસ્ય મનિશભાઈ ખટાણા,પુર્વ સરપંચ જીવાભાઈ રબારી,કાદરભાઈ કોઠારીયા, સુલતાનભાઈ બાઘડીયા સહીત વિવિધ સંસ્થાઓના આગેવાનો ખાસ હાજર રહ્યા હતા જયારે મહાનુભાવો ની હાજરીમાં ગાંધી મેળાને ખુલ્લો મુકવામાં આવ્યો હતો જન્મભુમિ હાઈસ્કુલ ની બાળાઓ દ્વારા ગાંધીજી ના પ્રિય ભજનો અને મહાનુભાવો ના હસ્તે દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી ગાંધી મેળા પ્રસંગે ગાંધીજીના જીવન ચરિત્ર સંવાદો ગાંધી વિચારો ઉપરાંત શાસ્ત્રોને રચનાત્મક કામગીરી અને ગાંધીજીના જીવન અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.આ ગાંધી મેળા માં લોકો મોટી સંખ્યા માં ઉમટી પડ્યા હતા

હળવદ શહેર કોળી સેનાના પ્રમુખ તરીકે વિજય ચાવડાની વરણી



યુવા રદય સમ્રાટ અને કોળી સેના મા આગવું સ્થાન ધરાવતા હળવદ શહેર કોળી સેના ના પ્રમુખ તરીકે વિજય ચાવડાની નિમણૂક કરાઈ

હળવદ શહેરમાં યુવાનોના હૃદયસમ્રાટ અને યુવાનોના માર્ગદર્શક એવા યુવા વિજય દિલીપભાઈ ચાવડા ,ગુજરાત કોળી સેના દ્વારા હળવદ શહેરના પ્રમુખ તરીકે નિમણૂક કરાતા હળવદ શહેરના યુવાનોમાં આનંદ ની લાગણી જોવા મળી છે. તાજેતરમાં હળવદ ખાતે કોળી સેના ગુજરાત ના હળવદ શહેર પ્રમુખ તરીકે વિજયભાઈ દિલીપભાઈ ચાવડા હળવદ શહેર પ્રમુખ તરીકે નિમણૂક કરાતા ચારો તરફથી શુભેચ્છાઓ નો વરસાદ વરસી રહ્યો છે હળવદ ઠાકોર સમાજના યુવા અગ્રણી વિજય ચાવડાની હળવદ શહેર પ્રમુખ તરીકે વરણી થતાં આગામી દિવસોમાં હળવદ પંથકમાં ઠાકોર સમાજના યુવાનોને વ્યસન મુક્તિ અને રોજગારી નાપ્રયત્ન કરવામાં આવશે અને સમાજને સંગઠિત કરવામાં આવશે અને સમાજના વિકાસ માટે હકારાત્મક કામ કરવામાં આવશે તેવો અનુરોધ નવનિયુકત પ્રમુખે કર્યો હતો દરેક યુવાનો ને સાથે રાખી કામ કરવાની નેમ ધરાવતા વિજય ચાવડાની પ્રમુખ તરીકે વરણી થતાં હળવદ તથા પંથકમાં થી શુભેચ્છાઓ પાઠવી રહયા છે,

હળવદ મંગલમ વિદ્યાલય ખાતે 'એક નમણી સાંજની ગમ્મત 'કાર્યક્રમનું ભવ્ય આયોજન કરાયુ



બોર્ડની પરીક્ષાનો ટેન્શન ઓછું કરવા સુપ્રસિદ્ધ હાસ્ય કલાકાર સાઈરામ દવે વિદ્યાર્થીઓને પેટ પકડીને હસાવ્યા

હળવદમાં સૌપ્રથમવાર મંગલમ વિદ્યાલય દ્વારા બોર્ડની પરીક્ષાનું ટેન્શન છે ?વિદ્યાર્થીઓને ટેન્શન દુર કરાવવા ગુજરાત સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ જાણીતા હાસ્ય કલાકાર કવિ અને શિક્ષણવિદ સાયરામ દવેની ઉપસ્થિતિમાં 'એક નમણી સાંજની ગમ્મત'કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓને હાસ્ય દ્વારા પરીક્ષાના બોજથી હળવા કરવાનો પ્રયત્ન હાથ ધરવા માં આવ્યો હતો,

હળવદ મંગલમ વિદ્યાલય આયોજિત 'એક નમણી સાંજની ગમત ઉત્સવ' જાણીતા હાસ્ય કલાકાર સાઈરામ દવે તથા હળવદ નુ ગૌરવ એવા યુવા ભજનિક જેયમંત દવે વિદ્યાર્થીઓને હાસ્ય મામિકે વાતો થી વાતોથી તરબોળ કરી દીધા હતા,આ પ્રસંગે બીપીનભાઈ દવે, ડો, બી, ટી માલમપરા, રાજભા રાણા રોટરી કલબ, મનોજભાઈ પનારા અન્ય સ્કુલના શાળા સંચાલકો, વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા,

આ ઉત્સવમાં વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષાનું ટેન્શન ઓછું કરવા માટે સાયરામ દવે પોતાની આગવી શૈલીમાં વિદ્યાર્થીઓને મન મૂકીને ઓછો કરવાનો પ્રયત્ન કર્યો હતો સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા વિદ્યાલયના અશોકભાઈ ગિરીશભાઈ રાજુભાઈ તથા અન્ય શિક્ષણ સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા

મોરબી નાની સિંચાઈ મોટુ કોભાંડમાં ધારાસભ્ય પરષોતમ સાબરીયાના વચગાળાના જામીન મંજુર



મોરબીના ચકચારી સિંચાઈ કોભાંડમાં જેલમાં બંધ હળવદ ધાગ્રાધાં ના ધારાસભ્ય દ્વારા કોર્ટમાં જામીન અરજી કરવામાં આવી હતી અને કોર્ટે વચગાળાની જામીન અરજી ગાહ્ય રાખી વચગાળાના જામીન મંજુર કર્યા છે

મોરબી જીલ્લામાં નાની સિંચાઈ કોભાંડ યોજનામાં નિવૃત મદદનીશ ઈજનેર તેમજ મંડળી આગેવાનો ઉપરાંત હળવદ ધાગ્રધીના ધારાસભ્ય પરષોતમ સાબરીયા અને તેના મળતિયા વકીલ સહીત છ આરોપીની પોલીસે ધરપકડ કરી જેલહવાલે કર્યા છે તો અગાઉ ધારાસભ્ય પરષોતમ સાબરીયાએ કરેલી જામીન અરજી કોર્ટે ફગાવી હતી તો જરૂરી મીટીંગો માટે વચગાળાના જામીન મળ્યા હતા જે પૂર્ણ થયા બાદ ફરીથી જેલહવાલે કર્યા હતા

જયારે હવે ગુજરાત વિધાનસભામાં બજેટ સત્ર શરુ થવાનું હોય જેમાં ધારાસભ્ય તરીકે તેમને હાજરી આપવી જરૂરી હોય તેવી અરજી કોર્ટમાં કરવામાં આવી હતી મોરબી ડીસ્ટ્રીકટ કોર્ટે ધારાસભ્ય પરષોતમ સાબરીયાની વચગાળાની અરજી માન્ય રાખી તા. ૨૩ સુધીના વચગાળાના જામીન મંજુર કર્યા છે

રાણપુરમાં તાત્કાલિક સ્વાઈન ફ્લુનાં ઉકાળાનુ વિતરણ કરાયુ



રાણપુર મામલતદાર સહીત મોટી સંખ્યામાં લોકો એ ઉકાળો પીધો

હાલમાં ગુજરાતમાં તેમજ બોટાદ જીલ્લામાં સ્વાઈન ફ્લુ એ દેખા દેતા લોકો માં એક પ્રકાર નો ભય ઉભો થયો છે રાણપુર અને રાણપુર તાલુકાના ગામડાઓમાં સ્વાઈન ફ્લુ ને લઈને લોકો ચિંન્તા માં મુકાયા છે ત્યારે રાણપુર ના પત્રકાર વિપુલ લુહાર દ્વારા રાણપુરમાં સ્વાઈન ફ્લુ ના ઉકાળા નુ તાત્કાલિક વિતરણ કરવા અંગે રજુઆત કરાઈ હતી જે અંતર્ગત આજરોજ રાણપુર ખાતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો.જે.ઓ.માઢક ના માર્ગદર્શન મુજબ રાણપુર સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે અને રાણપુર પોલીસ સ્ટેશન પાસે સ્ટોલ ઉભા કરી સ્વાઈન ફ્લુ ના ઉકાળા નુ વિતરણ કરવામાં આવ્યુ હતુ રાણપુર ગામાનાં અને રાણપુર આજુબાજુ લોકોએ સ્વાઈન ફ્લુ ઉકાળો પીધો હતો રાણપુર ના મામલતદાર ના હસ્તે આ ઉકાળા વિતરણનુ ઉદ્ઘાટન કર્યુ હતુ અને ખુબજ મોટી સંખ્યા માં લોકોએ આ ઉકાળો પીધો હતો

જયારે રાણપુર ના કુંડલી અને અળઉ ગામે પણ ઉકાળા નુ વિતરણ કરવામાં આવ્યુ હતુ જેમાં લગભગ ૨૦૦૦ લોકોએ ઉકાળો પીધો હતો.આ ઉકાળા વિતરણ નો કાર્યક્રમ નાગનેશ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના મેડીકલ ઓફીસર ડો.પારૂલબેન જમોડ,રાણપુર તાલુકા હેલ્થ ઓફીસર ડો.જાકીરહુશૈન સાહેબ,તાલુકા સુપરવાઈઝર ઓ.ટી.ટીબલ,મોહસીનભાઈ તથા તાલુકા હેલ્થ કચેરીનો સ્ટાફ ના સહયોગ થી આ કાર્યક્રમ થયો હતો

બ્રાહ્મણી ડેમમાં ગરક વૃદ્ધનો બીજા દિવસે કોઈ પત્તો ના લાગતા સ્થાનિકોમાં રોષ



સાંજ સુધીમાં મૃતદેહ ના શોધાય તો રોડ ચક્કાજામની ચીમકી

હળવદના બ્રાહ્મણી ડેમમાં ગઈકાલે બપોરના સુમારે એક વૃદ્ધે ઝંપલાવ્યા બાદ ત એની શોધખોળ ચલાવાઈ હતી જોકે વૃદ્ધનો બીજા દિવસે કોઈ પત્તો લાગ્યો નથી અને તંત્ર દ્વારા મૃતદેહ શોધવા પૂરતા પ્રયાસો કરવામાં ના આવતા હોવાના આક્ષેપ કરીને સ્થાનિકોએ રોડ ચક્કાજામની ચીમકી ઉચ્ચારી છે


હળવદ તાલુકાના બ્રાહ્મણી નદી પર આવેલ સુંદરગઢ ગામ પાસેના પુલ નજીક ગઈકાલે તા. ૧૨ ના રોજ બપોરના સુમારે ચરાડવા ગામના રહેવાસી જેરામભાઈ રવજીભાઈ ચૌહાણે ઝંપલાવ્યું હતું અને સ્થાનિકોને જાણ થતા શોધખોળ કરવામાં આવી હતી જોકે વૃદ્ધનો કોઈ પત્તો લાગ્યો ના હતો અને આ મામલે તંત્રને જાણ કરવામાં આવી હતી

જેને પગલે જીલ્લા અધિક કલેકટર કેતન જોષી દ્વારા એનડીઆરએફ ટીમ ગાંધીનગરને પત્ર લખીને જાણ કરવામાં આવી હતી જેમાં જણાવ્યું છે કે નગરપાલિકા ટીમ દ્વારા જેરામભાઈ ચૌહાણની શોધખોળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે પરંતુ પાણીની સપાટી ઊંડી હોવાથી મૃતદેહ મળવો મુશ્કેલ છે અને એનડીઆરએફ ટીમની જરૂરિયાત હોય જેથી તાકીદે ટીમ મોકલવા જણાવ્યું છે

જોકે ઘટનાને ૨૪ કલાકથી વધુ સમય વીતી ચુક્યો છે અને અધિક કલેકટર દ્વારા એનડીઆરએફ ટીમને જાણ કરવા છતાં ટીમ પહોંચી નથી જેથી દલવાડી સમાજ સ્થળ પર એકત્ર થયો છે અને રોષ ફાટી નીકળ્યો છે સાંજ સુધીમાં વૃદ્ધની શોધખોળ નહિ કરવામાં આવે તો સાંજે રોડ ચક્કાજામ કરવાની ચીમકી પણ સમાજના આગેવાનો દ્વારા ઉચ્ચારવામાં આવી છે

જંગ એ ગુજરાત ઇફેક્ટ

રાણપુરમાં ચાલુ લાઈન નો વિજ પોલ ત્રણ દિવસ થી પડી ગયાના સમાચાર પ્રસિધ્ધ થતા તંત્ર દ્વારા તાત્કાલિક નવો વિજ પોલ નખાયો



બોટાદ જીલ્લાના રાણપુર શહેરમાં ધારપીપળા રોડ ઉપર તાલુકા પંચાયત સામે ત્રણ દિવસ પહેલા સાંજ ના સમયે એસ.ટી.બસ ની ટક્કર થી ચાલુ લાઈનનો લાઈટ નો વિજ પોલ પડી ગયો હતો આ વિજ પોલ પડી ગયા ને ત્રણ દિવસ થયા હોવા છતા તંત્ર દ્વારા કોઈ જ પગલા લેવામાં આવ્યા ન હતા જ્યારે ન્યુજ માં આ સમાચાર પ્રસિધ્ધ થતા તંત્ર દ્વારા આજે સવારે તાત્કાલિક નવો વિજ પોલ નાખવામાં આવ્યો

એરપોર્ટ પર રાહુલ ગાંધીનું સુરત શહેર કોંગ્રેસ દ્વારા સ્વાગત કરાશે

ધરમપુરની રેલીમાં સુરતમાંથી મોટી સંખ્યામાં લોકો જશે

સુરત

દક્ષિણ ગુજરાતના પ્રવાસે આવી રહેલા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના પ્રમુખ રાહુલ ગાંધી આવતીકાલે વલસાડ ધરમપુર ખાતે જાહેર સભાને સંબોધશે. લોકસભાની ચૂંટણીના પડઘમ સાથે કોંગ્રેસ પક્ષ પણ લોકસભાની ચૂંટણી જીતવા માટે સજ્જ થઈ રહ્યું છે. સુરત શહેર કોંગ્રેસ પક્ષના પ્રવકતા કિરણ રાયકાના જણાવ્યા મુજબ ધરમપુર ખાતે કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીની જાહેર સભાનું આયોજન થયું છે. આ જાહેરસભામાં ઉપસ્થિત રહેવા માટે રાહુલ ગાંધી આવતીકાલે બપોરે ૧૨ વાગે સુરત એરપોર્ટ ખાતે હવાઈ માર્ગેથી આવશે. જ્યાં સુરત શહેર કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ રાયકા સહિત કોંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધીનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરશે, ત્યારબાદ રાહુલ ગાંધીનો કાફલો ધરમપુર તરફ રવાના થશે. જ્યાં જાહેર સભ સંપન્ન થા બાદ કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી સુરત પરત ફરશે અને સુરત એરપોર્ટ ખાતેથી રવાના થશે.

ઉધના ઝોન દ્વારા લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીઝમાં ડીમોલીશન હાથ ધરાયું

ગેરકાયદે બાંધકામ તોડી રૂા.૭૫ હજારનો દંડ કરાયો

સુરત

સાઉથ ઝોનના એડી. સીટી ઈજનેર તથા ઝોનલ ચીફ તથા કાર્યપાલક ઈજનેરની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સાઉથ ઝોન સમાવિષ્ટ વિસ્તારમાં મોજે ઉધના, રે.સ.નં.૧૫૧ પૈકી, મોજે. ભેદવાડ રે.સ.નં.૧, મોજે. ડીંડોલી, રે.સ.નં.૩૪૬ થી ૩૪૯ સબ પ્લોટ નં. બી પૈકી પ્લોટ નં.સી-૭૩-૭૪, લક્ષ્મીનારાયણ ઈન્ડ. એસ્ટેટ, બી.આર.સી. કંપાઉન્ડ, ઉધના, સુરતવાળી મિલ્કતમાં મિલ્કતદાર દ્વારા તા.૨૨-૧૨-૨૦૧૨ થી મેળવેલ વિકાસ પરવાનગી વિરૂદ્ધ ભોંયતળીયાના ભાગે હેતુફેર કરી દુકાનોનું બાંધકામ કરેલ હોવાનું જણાઈ આવતા તા.૧૧-૨-૨૦૧૯ થી કુલ ૯ દુકાનોના શટર અત્રેથી તોડી દૂર કરવામાં આવેલ છે. જેના વહીવટી ચાર્જ પેટે રૂા.૭૫૦૦૦ મિલ્કતદારો પાસેથી વસૂલ લેવામાં આવેલ છે.

અંકલેશ્વર હાઈ વે પરથી પ્રદુષિત બેરલ ભરેલ ટેમ્પો ને અંકલેશ્વરની કમ્પની માં પરત લવતા સંચાલકો અને કેમિકલ માફિયાઓ માં ફફડાટ




ઔદ્યોગિક વસાહતો માંથી ગેરકાયદેસર ના કેમિકલ નિકાલ ના કૌભાંડો દિવસે દિવસે વધી રહ્યા છે.અસામાજિક તત્વો દ્વારા કમ્પનીઓ માંથી કેમિકલ વેસ્ટ ભરી તેનો નિકાલ ખાડીઓ, નદીઓ, ખેતી ની જમીનો અને ગૌચરણો માં ખાલી કરી દેવા માં આવે છે જેના લીધે જમીન અને પાણી પ્રદુષિત થાય છે અને આમ પર્યાવરણ ને ગમ્ભીર નુકશાન થાય છે. હાલ માં જ કેમિકલ ભરેલ ટેન્કર ખાડી માં ખાલી કરવા જતાં ૨ વ્યક્તિઓ ના મૃત્યુ થયા છે

પ્રકૃતિ સુરક્ષા મંડળ ને માહિતી મળી હતી કે કેટલાક અસામાજિક તત્વો દ્વારા પ્રદુષિત બેરલ ભરેલ છે અને તે હાઇ વે પર રોકાયેલ છે. પ્રકૃતિ સુરક્ષા મંડળ ની ટીમે આ ટેમ્પો ને રોકી પૂછ-પરછ કરતા તેમની પાસે કાયદેસર ના વહન ના કોઈ પણ ડોક્યુમેન્ટ ન હતા તેમજ તેઓ આ ક્યાંથી ભર્યા છે કે ક્યાં લઈ જવાના છે એ અંગે પણ કોઈ સંતોષ કારક જવાબ આપ્યો ના હતો આમ ગેરકાયદેસર ના વહન ની શંકા જતા શ્રી સલીમ પટેલ દ્વારા જીપીસીબી અંકલેશ્વર ને જાણ કરવામાં આવી હતી. જીપીસીબી ના અધિકારી શ્રી યોગેશભાઈ ચાંપાનેરીઆ અને તેમની ટિમ દ્વારા તપાસ હાથ ધરાઈ હતી અને તેમને આ ગેરકાયદેસર નું વહન થતું હોવાનું જણાતાં તેમણે ટ્રક ચાલક અને બેરલ ખરીદનાર ને જ્યાંથી બેરલ ભર્યા છે તે કમ્પની પર પરત લઈ જવાની ફરજ પાડતા આ ટ્રક અંકલેશ્વર જીઆઈડીસી ના પ્લોટ ન. ૮-૧૫૫ માં આવેલ સાયોના ક્રોપ કેર યુનિટ-૧ પર પોહચી હતી જ્યાં જીપીસીબી ની ટિમ દ્વારા કમ્પની માં આગળ ની તપાસ હાથ ધરી હતી . આમ હવે કેમિકલ માફિયા અને ગેરકાયદેસર ના કેમિકલ નિકાલ કરનારા તત્વો માં ગભરાટ ફેલાયો છે

પ્રકૃતિ સુરક્ષા મંડળ દ્વારા માંગણી કરવામાં આવે છે કે હાલ માં આવી ગેરકાયદેસર ના કેમિકલ નિકાલ કરનારા આવા અસામાજિક તત્વો કે જેઓ પર્યાવરણ ને ગમ્ભીર નુકશાન કરે છે તેઓ સામે સખત કાર્યવાહી હાથ ધરવામાં આવે

નર્મદા ટેન્ટ સીટીના ગોડાઉનમાં ભીષણ આગથી લાખોનું નુકસાન પ્રવાસીઓ હેમખેમ



મોડી રાત્રીના શોર્ટ સર્કિટ થી એકા એક આગે વિકરાળ રૂપ લીધું. ગોડાઉન બહાર પડેલી ઈનોવા કાર પણ સળગી ગઈ

રાજપીપળા: નર્મદા બંધ ના તળાવ ન.૩ પાસે આવેલ ટેન્ટ સીટી ૨ માં ગત રાત્રીના ૩ વાગે પ્રવાસીઓ, અને સંચાલકો મીઠી નિદર માણતા હતા ત્યારે અચાનક આગ લાગતા દોડધામ મચી હતી. ટેન્ટ સિટીના મેનેજમેન્ટ તાત્કાલિક દોડી આવતા નર્મદા નિગમ અને જીઈજીન ના ૪ બંબા બોલાવી ફાયર ફાઈટરો દોડી આવ્યા આગ પર કાબુ મેળવી લેવાયો હતો. છતાં લાખોનું નુકસાન ગયું હોવાનો અંદાજ છે જોકે પ્રવાસીઓના વિસ્તારમાં કોઈ નુકસાની નહી થતા સંચાલકોએ રાહતનો શ્વાસ લીધો હતો.આ આગની ઘટનામાં પ્રવાસીઓને કોઈ નુકસાન પહોંચ્યું નથી.

ટેન્ટ સીટી ના એક ભાગમાં ટેન્ટ સીટી થી અલગ આ ગોડાઉન બનાવવામા આવ્યું છે. જેમાં બેડ, ચાદરો, અનાજ, સહિત અન્ય જરૂરિયાતો ટેન્ટની સામગ્રી ગોડાઉનમાં મુકેલ હતી રાત્રીના ઈલેક્ટ્રિક વાયરિંગમાં સ્પાર્કિંગ થતા તણખા ઝર્યા જેમાં આગ લાગી અને ખાસ કરીને કાપડની વસ્તુઓ વધુ હોય જે તમામ સામાન બળીને ખાખ થઈ ગયો આમ અંદાજીત લાખો નો સમાન કહી શકાય એ સ્વાહા થયો હતો

આ બાબતે ટેન્ટ સિટીના એડમિનિસ્ટ્રેશન હેડ પ્રબલ પટેલે જણાવ્યું હતું કે ટેન્ટ સીટીમાં તમામ ટેન્ટ પર સુરક્ષાની તમામ સુવિધાઓ કરવામાં આવી છે, જોકે ટેન્ટ સીટી થી દૂર એક અલાયદો ટેન્ટ બનાવ્યો હતો જેમાં રાત્રીના આગ લાગી હતી પ્રવાસીઓને તો ખબર પણ નથી કે આગ લાગી હતી જે પહેલા આગને કાબુમાં લઈ લીધી હતી પરંતુ સામાન બળીને ખાખ થઈ ગયો હતો .

કેન્દ્ર સરકાર વકિલોના કલ્યાણ માટે વર્ષે ૫૦ હજાર કરોડ ફાળવે : નર્મદા જિલ્લા બાર એસોસિએશન દ્વારા આવેદન



રાજપીપળા : નર્મદા જિલ્લા બાર એસોસિએશનના પ્રમુખ કુ. વન્દનાબેન ભટ્ટ ની આગેવાની હેઠળ જિલ્લાના વરિષ્ઠ ધારાશાસ્ત્રીઓની ઉપસ્થિતિમા નર્મદા જિલ્લા કલેક્ટરને વિવિધ પડતર માંગણીઓ સંદર્ભે વડાપ્રધાન મોદીને સંબોધતુ એક આવેદન આપવામાં આવ્યું હતું

આવેદનમા જણાવ્યુ હતું કે તારીખ ૨ /૨/૨૦૧૯ ના રોજ ન્યુ દિલ્હી ખાતે તમામ રાજ્યોના બાર કાઉન્સિલ સભ્યો,હાઈકોર્ટ બાર એસોસિએશનના સભ્યો,સહિતના એક સયુક્ત મિટિંગનું આયોજન થયું હતું જેમાં કેન્દ્ર સરકાર સમક્ષ વિવિધ માંગણીઓ કરવા માટે ચર્ચા કરાઈ હતી જેમાં બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાની મુખ્ય માંગણીઓ... વકિલો માટે કોર્ટની આસપાસ બેઠક, સહિત પાયાની સુવિધાઓ ની ઉપલબ્ધિ હોવી જોઈએ નવા જરુરીયાતમંદ વકિલોને માસિક ૧૦,૦૦૦/- રૂપિયા સરકાર તરફથી આપવા દેશના તમામ વકિલો અને તેમના પરિવારો માટે જીવન વિમો, આકસ્મિક મૃત્યુ સમયે ૫૦ લાખ સુધી વળતર, તેમજ બિમારી મા મફત ઈલાજ વૃદ્ધ વકિલો માટે પેન્શન ની વ્યવસ્થા લોક અદાલતના કાર્યોથી ન્યાયદ્રિશોને દુર રાખવા જરુરીયાતમંદ વકિલોના રહેઠાણના ઘર બાંધવા માટે યોગ્ય દરે જમીનની વ્યવસ્થા કરવી દરેક ટ્રીબ્યુનલ કમિશન વિગેરેમા કોર્ટના નિવૃત કર્મચારી કે ન્યાયાધીશની બદલે વકિલોની નિયુક્તિ કરવી આવી તમામ માંગણીઓ પુરી કરવા કેન્દ્ર સરકાર દ્વારા વકિલોના કલ્યાણ માટે દર વર્ષે બજેટ મા ૫૦ હજાર કરોડ ફાળવવામાં એ અંગે નર્મદા બાર એસોસિયેશન ના સભ્યોએ નર્મદા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું .

સરકારની ગ્રાન્ટનો રાજપીપળા હિન્દૂ દેવસ્થાન કમિટી યોગ્ય ઉપયોગ નથી કરતી:બજરંગ દળનો આક્ષેપ

રાજપીપળા હિન્દૂ દેવસ્થાન કમિટીના વહીવટના અભાવે પૌરાણિક મંદિરો જર્જરિત હાલતમાં:વીએચપી,બજરંગ દળે આવેદનપત્ર આપ્યું



રાજપીપળા હિન્દૂ દેવસ્થાન કમિટીથી જો મંદિરોનો વહીવટ ન થતો હોય તો વહીવટ અમને આપી દો:નર્મદા જિલ્લા વીએચપી અને બજરંગદળની માંગ

રાજપીપળા:રાજપીપળા શહેરના મોટા ભાગના મંદિરોનો વહીવટ રાજપીપળા હિન્દૂ દેવસ્થાન કમિટી દ્વારા કરાય છે.તો એ મંદિરોની કાળજી ન લેવાતી હોવાના આક્ષેપ સાથે નર્મદા જિલ્લા વિશ્વ હિન્દુ પિષદ અને બજરંગદળે નાંદોદ રાજપીપળા હિન્દૂ દેવસ્થાન કમિટી જ ગણાશે.જો તમારાથી બરાબર વહીવટ ન થતો હોય તો નર્મદા વીએચપી અને બજરંગદળને વહીવટ સોંપી દો.મંદિરોના આંગણા માંથી કેટલીયે વાર ચોરીઓ થાય છે તે છતાં અત્યાર સુધી કોઈ આરોપી પકડાયો નથી.સરકારની ગ્રાન્ટનો રાજપીપળા હિન્દૂ દેવસ્થાન કમિટી યોગ્ય ઉપયોગ નથી કરતી જેથી અમુક ગ્રાન્ટ લેપ્સ થાય છે.આમા મામલતદાર નાંદોદ જવાબદાર છે લગભગ ૧૫ કે તેની આસપાસ મંદિરો પૈકી વિકાસ માટે ફક્ત એક જ મંદિરને પ્રાધાન્ય આપવામાં આવે છે અને બાકીની અવગણના થાય છે.આ આવેદનપત્ર આપતી વેળાએ નર્મદા જિલ્લા વીએચપીના ઉપાધ્યક્ષ અજીતસિંહ રાઠોડ,બજરંગદળ સંયોજક પ્રગનેસ રામી,સુરેશ પાટણવાડિયા,રોહિત વસાવા સહિત અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

રાજપીપળા હિન્દૂ દેવસ્થાન કમિટી જ ગણાશે.જો તમારાથી બરાબર વહીવટ ન થતો હોય તો નર્મદા વીએચપી અને બજરંગદળને વહીવટ સોંપી દો.મંદિરોના આંગણા માંથી કેટલીયે વાર ચોરીઓ થાય છે તે છતાં અત્યાર સુધી કોઈ આરોપી પકડાયો નથી.સરકારની ગ્રાન્ટનો રાજપીપળા હિન્દૂ દેવસ્થાન કમિટી યોગ્ય ઉપયોગ નથી કરતી જેથી અમુક ગ્રાન્ટ લેપ્સ થાય છે.આમા મામલતદાર નાંદોદ જવાબદાર છે લગભગ ૧૫ કે તેની આસપાસ મંદિરો પૈકી વિકાસ માટે ફક્ત એક જ મંદિરને પ્રાધાન્ય આપવામાં આવે છે અને બાકીની અવગણના થાય છે.આ આવેદનપત્ર આપતી વેળાએ નર્મદા જિલ્લા વીએચપીના ઉપાધ્યક્ષ અજીતસિંહ રાઠોડ,બજરંગદળ સંયોજક પ્રગનેસ રામી,સુરેશ પાટણવાડિયા,રોહિત વસાવા સહિત અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

સ્કૂલ કે ટ્યુશન ક્લાસ પાસે યોગ્ય કારણ વગર કોઈએ ઉભુ રહેવું નહીં

સુરત

સુરત શહેરના મદદનીશ પોલીસ કમિશનર(વિશેષ શાખા)શ્રી વિનય શુકલએ જાહેરનામા દ્વારા સમગ્ર પોલીસ કમિશનર વિસ્તારમાં આવેલા સ્કુલ/કોલેજ/યુનિવર્સીટી માં અભ્યાસ કરતાં ન હોય તેવા બહારની વ્યક્તિએ પ્રવેશવા ઉપર મનાઈ ફરમાવી છે.

આ મનાઈ હુકમ સ્કુલ/કોલેજોમાં આવતા વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીને છોડવા તથા આવતા ઓટો-વાન, માલિક/ડ્રાઈવરો (જેમની પાસે ઓળખપત્ર હોય તેવા જ) તેમજ વાલીઓ તથા જરૂરી કામથી આવતા વિદ્યાર્થીઓ અને વાલીઓને હુકમ લાગુ પડશે નહિ. આ જાહેરનામું તા.૦૪/૦૩/૨૦૧૯ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

ભરૂચ એલ.સી.બી.એ પુષ્પધન બંગ્લોઝમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો



ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાએ જીલ્લામાં દારૂ-જુગારની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરવા આપેલ સુચના તથા એલ.સી.બી.ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર જે.એન. ઝાલાનાઓના માર્ગદર્શન મુજબ પોલીસ અધિક્ષક સાહેબ નાઓએ દારૂ-જુગારની બદી નાશ કરવા તથા પ્રોહી-જુગારના કેશો શોધી કાઢવા આપેલ ડ્રાઈવ અનુંસંધાને પો.સ.ઈ. એ.એસ. ચોહાણનાઓની ટીમે પુષ્પધન બંગ્લોઝ સોસાયટીમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની કુલ બોટલ નંગ ૨૨ કિં રૂ.૧૧,૮૦૦/- તથા એક્ટીવા - ૨ કિં રૂ ૭૦,૦૦૦/- તથા પ્લેઝર કિં રૂ ૨૫,૦૦૦/- મળી કુલ્લે મુદ્દામાલ રૂ.૧,૦૬,૮૦૦/- નો મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસર કાર્યવાહી કરી ભરૂચ શહેર "એ" ડીવી પોલીસ સ્ટેશનમાં ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે.

સિસોદાર ગામે નર્મદા નદીના પટ્ટ માં લિઝની પરવાનગી આપતા ગ્રામજનો વિફર્યા, જિલ્લા કલેકટરને રજુઆત



નદીના ભાઠાને અડીને આવેલ ગામને લીઝથી મોટું નુકસાન થતું હોવાની ભીતિને લઈને આંદોલન છેડયું.

રાજપીપળા : નાંદોદ તાલુકાના સીસોદરા ગામ નર્મદા કિનારે આવેલું છે અને સીસોદરા ગામે નર્મદા નદી સાથે કરજણ અને ઓરસંગ નદી મળે છે એટલે આ વિસ્તારમાં પાણીનું વહેણ વધુ રહેતું હોય આજુબાજુની જમીનોમાં પાણી ભરાવા, ધોવાણ થવું જેવી સમસ્યા વધુ જોવા મળે છે જેમાં હાલ જે ખાનગી ઈજારદારને લીઝ આપી છે જે રેતીનું ખોદકામ કરશે.એટલે ખેડૂતોને વધુ નુકસાન થશે એટલુંજ નહીં નદીના પટ્ટને અડીને આવેલ આદિવાસી વિસ્તારોમાં ઘરો પણ ડુબી જાય એવી સ્તિથી સર્જાશે જેથી ગ્રામજનો ભેગા મળી ગ્રામ સભામાં ઠરાવ કરી આ લીઝનો વિરોધ કર્યો. સીસોસદરા ગામના આગેવાનોમાં સરપંચ બી.ડી.વસાવા, દિપક પટેલ, જયેશ પટેલ, કીર્તન પટેલ, બચુભાઈ પટેલ, નરેન્દ્ર પટેલ, નિમેષ પટેલ, દિલીપ પટેલ, રાજેશ પટેલ સહીતના આગેવાનોએ જિલ્લા કલેક્ટરને રજૂઆત કરી કે આ લીજ હાલ કોઈ હરીશ ઓડ નામના પરવાનેદારને સિસોદરા ગામની નદીના પટ્ટ માંથી રેતી કાઢવાની આપી છે જે નિયમ વિરુદ્ધ છે આ લીઝનો અમે વિરોધ કરી રદ કરવાની માંગ કરીએ છે.કારણકે મોટું નુકસાન અમારા ગામને છે.તો કોઈ પણ રીતે આ લીઝ ચાલુ થાય નહિ તે જિલ્લા કલેકટર નોંધ લે બાકી ગ્રામજનો કોઈ પણ સંજોગોમાં આ લીઝ ચાલુ કરવા દઈએ નહિ તેવી ચીમકી પણ આપી હતી.

અમે વેપારી છે ગમે તેને વેચીએ

સિસોદરા ગામના કીર્તન પટેલે જણાવ્યું હતું કે અમે જયારે ખાણ ખનીજ વિભાગને રજૂઆત કરવા ગયા ત્યારે કોઈ આધિકારી ત્યાં હાજર હોય તેમને રજૂઆત કરતા ખાણ ખનીજ વિભાગે કહ્યું કે અમે વેપારી છે ખનીજ ગમે તેને વેચીયે તમારે શું કહી ઉદ્ધત જવાબ આપતા ગ્રામજનોએ ખનીજ વિભાગમાં ઈ કરવાની ફરજ પડી હતી અને ખાણ ખનીજ વિભાગ સામે પણ રોષ ફેલાયો છે.

અલ્પેશ કથીરિયાની રીવીઝનની તા.૨૨'મીએ હાઈકોર્ટમાં સુનાવણી

સુરતની અદાલતે અલ્પેશના રેગ્યુલર જામીન રદ કર્યા હતા

સુરત

અમરોલી પોલીસ મથકના રાજદ્રોહના ગુનામાં જામીન મુક્ત થયા બાદ ડીસીબી પોલીસ દ્વારા એક જામીન અરજી રદ કરવામાં માટેની એક અરજી કોર્ટમાં કરવામાં આવી હતી. સુરત કોર્ટે તેના રેગ્યુલર જામીન રદ કર્યા બાદ અલ્પેશ કથીરિયાના હાઈકોર્ટના એડવોકેટ રફીક લોખંડવાળાએ હાઈકોર્ટમાં કરેલી રીવીઝન અરજીની સુનાવણી હવે ૨૨મી ફેબ્રુઆરીએ હાથ ધરાશે. એવુ બચાવ પક્ષના એડવોકેટ યશવંતસિંહ વાળાએ જણાવ્યું હતું.

આ કેસની ટુંક વિગતો એવી છે કે, પાટીદાર આંદોલન દરમ્યાન અમરોલી પોલીસ મથકમાં ડીસીપી મકરંદ ચૌહાણે હાર્દિક પટેલ વિરૂદ્ધ રાજદ્રોહની ફરિયાદ દાખલ કરાવી હતી. આ ગુનામાં પાસના કન્વીનર અલ્પેશ કથીરિયાની ધરપકડ કરી લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. જામીન મુક્ત થયા બાદ તેણે કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિનો ભંગ કરતા ડીસીબી દ્વારા તેના જામીન રદ કરવા માટેની એક અરજી કરી હતી. જે કોર્ટે મંજુર રાખી આરોપી અલ્પેશના જામીન રદ કર્યા હતા. તેની સામે હાઈકોર્ટમાં તેમણે એક રીવીઝન અરજી કરી હતી. વધુ સુનાવણી ૨૨મીએ હાથ ધરાશે.

સરકારી અને ગ્રાન્ટેડ શાળાના પટ્ટાવાળાઓને જુનિયર ક્લાર્કની બઢતી મળશે

રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ શાળામાં વર્ષોની ફરજ બજાવતાં વર્ગ-૪ના પટ્ટાવાળાઓને શિક્ષણ વિભાગ જુનિયર ક્લાર્ક તરીકે બઢતી આપશે. શિક્ષણ વિભાગે તમામ જિલ્લાઓને પરિપત્ર મોકલી નામ મંગાવ્યા છે.

શાળાના સિનિયર પટ્ટાવાળાઓના નામ જિલ્લા શિક્ષણ અધિકારી રાજ્ય સરકારના શિક્ષણ વિભાગને મોકલશે. થોડા સમયમાં શિક્ષણ વિભાગ યોગ્યતા નક્કી કરી બઢતી આપશે. જોકે અગાઉ વર્ગ-૪ના પટ્ટાવાળાઓ પટ્ટાવાળા તરીકે જ નિવૃત થતાં હતાં.